પૂ૦ આ. શ્રી વિજય[illegible]સૂરિ
જૈન ગ્રન્થમાળા પુસ્તક ૮ મું

સામાયિક યોગ



— : પ્રકાશક : —
શા. શાન્તિલાલ ખેમચંદ
[illegible] ટેલિ. ૨૫૨૮૫
૬૧, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩

આવૃત્તિ ૧ લી
નકલ ૧૦૦૦



વી. સં. ૨૪૭૮
વિ. સં. ૨૦૦૮

મૂલ્ય રૂા. ૦-૧૨-૦

: પ્રકાશક :

દેવચંદ જેઠાભાઇ દોઢીઆ

નવાગામવાળા (હાલાર)



આદર અર્પણ

[illegible]

નિવેદન.

આ[illegible] તરફથી [illegible] પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરિજી જૈન પાઠશાળા તરફથી [illegible] [illegible] જૈન-માર્ગની પિછાણ, કલ્યાણનો માર્ગ અને શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ સંગ્રહ એમ ત્રણ પુસ્તકો પ્રગટ થયાં છે. ત્યાર પછી સામાયિકના મહત્વને સમજવામાં સહાયભૂત થનાર સામાયિક યોગ નામનું આ ચોથું પુસ્તક પ્રગટ કરતાં અમોને આનંદ થાય છે. બાળ જીવોને સરળ ભાષામાં ધાર્મિક અનુષ્ઠાનોનું જ્ઞાન મળે અને તેઓમાં ક્રિયારૂચિ પ્રગટે એવી અમારી માંગણીનો સ્વીકાર કરીને પૂર્વની માફક આ પુસ્તકની પણ સંયોજના પૂ. પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી કુંદકુંદવિજય મહારાજશ્રીએ કરી આપી છે.

પ્રાતઃસ્મરણીય પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીના અનન્ય ઉપકારની અનુસ્મૃતિ તરિકે આ પુસ્તકનું ખર્ચ પિંડવાડાનિવાસી શા. શાન્તિલાલ રાયચંદ વાળા સુશ્રાવક સમરથમલજી રાયચંદજીએ સ્વીકાર્યું છે, તે અનુમોદનીય છે. સૌ કોઈ આ પુસ્તિકા વાંચી, વિચારી હૃદયસ્થ કરી આત્મશુદ્ધિને પંથે વળો એજ અભ્યર્થના.

લી. સંઘ સેવક
શા દેવચંદ જેઠાભાઈ દોઢીયા નવાગામવાળા.
સેક્રેટરી
હાલારી વિશા ઓસવાળ જ્ઞાતી મુંબઈ.

પ્રસ્તાવના

સામાયિક સૂત્ર જૈન પ્રવચનનું મૂળ છે. ચૌદપૂર્વ, દ્વાદશાંગી, ૭ આવશ્યક, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, શ્રુત–સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિ સામાયિક, નમુક્કારશીના પચ્ચક્ખાણથી શ્રાવકના બારવ્રત. મુનિના મહાવ્રત, તીર્થંકર પરમાત્મા સુધીનું ઉત્કૃષ્ટમાં–ઉત્કૃષ્ટ ચારિત્ર, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યાચાર એ પાંચે આચારો, એ સર્વનો તે સૂત્રથી સંબંધ છે. એવું એ ભવ્ય, ગંભીર સર્વ નય–નિક્ષેપ અને પ્રમાણથી સ્નિગ્ધ એવા અનેક અર્થોના સંબંધવાળું સૂત્ર છે. અને દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને કથાનુયોગ, આ ચારેય અનુયોગો પણ તેની સાથે જોડાયેલા છે. એ સૂત્ર ઉપર આજે પણ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને જુદી જુદી ટીકાઓનો સંગ્રહ કરીએ તો લાખ કરતાં પણ અધિક શ્લોકોનું પ્રમાણ થાય.

જૈનશાસનમાન્ય તમામ ક્રિયાઓનો, વિધિ-વિધાનોનો પ્રધાન હેતુ પંચાચારની શુદ્ધિ કરવી તે છે અને પંચાચારની શુદ્ધિનો ઉપાય ૭ આવશ્યક છે, તે ૭ આવશ્યકથી પાંચ આચારની શુદ્ધિ નીચે મુજબ થાય છે.

૧ સામાયિક વડે ચારિત્રાચારની શુદ્ધિ થાય છે.

૨ ચતુર્વિંશતિસ્તવથી દર્શનાચારની શુદ્ધિ થાય છે.

૩ વન્દનથી જ્ઞાનાચારની શુદ્ધિ થાય છે.

૪ પ્રતિક્રમણથી પંચાચારમાં લાગેલા અતિચારનું અપનયન થાય છે.

[illegible]

1. [illegible] સામાયિક [illegible] આવશ્યક.
2. [illegible] બીજું ચતુર્વિંશતિસ્તવ આવશ્યક.
3. [illegible] કારણ કે તે [illegible] સંબોધન છે.
4. પડિક્કમામિ નિંદામિ ગરિહામિ સાવદ્યયોગનું પ્રતિક્રમણ કરું છું. તેની નિન્દા કરું છું. તેની ગર્હા કરું છું, એ ચોથું પ્રતિક્રમણ આવશ્યક.
5. સાવજ્જં જોગં પચ્ચક્ખામિ સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરું છું. તે પાંચમું પ્રત્યાખ્યાન આવશ્યક.
6. અપ્પાણં વોસિરામિ બહિરાત્મભાવનો ત્યાગ કરું છું, એ છઠ્ઠું કાયોત્સર્ગ આવશ્યક.

આ રીતે સામાયિક સૂત્રમાં છએ આવશ્યક રહેલાં છે. બાકીના છએ આવશ્યકનાં જુદાં જુદાં મુખ્ય સૂત્રો પણ તે સામાયિકનાં અંગભૂત અને તેનાં અર્થ વિસ્તારરૂપ જોવામાં આવે છે.

સામાયિકમાં પાંચ આચાર ઉપરાંત તમામ આત્મવિકાસના માર્ગાનુસારિતાથી માંડીને ઠેઠ ચૌદમા ગુણસ્થાનક સુધીની વિચારણા સમાયેલી છે.

સત્ય, દયા, પરોપકાર, ક્ષમા, સરળતા, નિઃસ્વાર્થપણું, તપ-સ્વૈચ્છિક કષ્ટસહન, અલ્પ જરૂરીઆતવાળું જીવન, સંયમ, સાદાઈ, નિખાલસતા સમભાવ, પવિત્રતા, અલ્પ પરિગ્રહિતા, બ્રહ્મચર્ય, શુભ-વિચારણા, શુભ કર્તવ્યો, શુભ ધ્યાન, વિશાળ હૃદય, મોટું મન, તીર્થંકરાદિ જગતના સર્વોચ્ચ મહાપુરૂષોની સતત ભક્તિ, ગુણસ્મરણ, તત્ત્વ મેળવવા માટે ગુરૂની ઉપાસના વિગેરે આધ્યાત્મિક ગુણો ખીલ-વવા માટે ષડાવશ્યકની યોજના છે અને તેનું કેન્દ્ર करेमि भंते સૂત્ર છે. સામાયિક અને કરેમિભંતે મારફત જેટલી સરળતાથી આધ્યાત્મિક જીવન શરૂ કરાવી શકાય, જીવનમાં ઉતારી શકાય, વ્યાપક કરી શકાય અને છેવટે જીવનને ઉંચામાં ઉંચી કક્ષા સુધી લઈ જઈ શકાય, તેવી કોઈ પણ વ્યવહારૂ યોજના જગતમાં મળી શકશે નહિ. તીર્થંકરાદિ મહાદૃષ્ટાંતભૂત આધ્યાત્મિક જીવનના અગ્રેસરોએ પણ આ ક્રમનેજ પોતાના જીવનમાં અમલ કરી દૃષ્ટાંતભૂત બન્યા છે. આ દ્વારા આધ્યા-ત્મિક જીવન સહેલાઈથી જીવનમાં ઉતારી શકાય છે, માટે આ ખરી વ્યવહારૂ યોજના છે. આધ્યાત્મિક તત્ત્વોના ઉપદેશો ઘણાઓએ આપ્યા છે, પરંતુ તેનું આવું વ્યવહારૂ સ્વરૂપ કોઈએ ઘડી આપ્યું નથી. આ જ જૈનધર્મની મોટામાં મોટી, ત્રિકાળમાં અજોડ વિશિષ્ટતા છે. એજ તેની મહત્તા છે, આજે પણ અનેક પરોપકારી મહાત્મા પુરૂષોનું દર્શન મળી શકે છે, તે પણ એનું પરિણામ છે, આજે તે મહા-પુરૂષોએ પોતાના આત્મભોગથી ઉત્પન્ન કરેલી ઘણી સામગ્રી જન-સમાજ અને પ્રાણીસમાજ ભોગવી રહ્યો છે.

યોગની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો સામાયિક એક સર્વોત્કૃષ્ટ યોગ છે. મોક્ષ પ્રાપ્તિનો રાજમાર્ગ છે. યોગદર્શનના જાણકાર અનુભવી મહાપુરૂષોએ યોગના જે લક્ષણો જણાવ્યાં છે, તે લક્ષણો સામાયિકમાં ઘટે છે. શાસ્ત્રકારોએ યોગનાં લક્ષણો નીચે મુજબ જણાવ્યાં છે.

૧ 'મોક્ષની સાથે જોડનારો સર્વ ધર્મવ્યાપાર યોગ છે. સામાયિક
આત્માને સીધી રીતે મોક્ષની સાથે જોડે છે. સામાયિક એટલે
સમભાવમાં રહેવું તે, અને તે સમભાવ એ મોક્ષ સાથેના
આત્માના જોડાણમાં પ્રધાનતમ હેતુ છે, અન્યલિંગે પણ જેઓ
મોક્ષપ્રાપ્તિ કરે છે, તેમાં પણ સમભાવ રૂપ યોગ તો અવશ્ય
હોય છે, સમભાવ વગર કોઈકાળે કોઈની પણ મુક્તિ સંભવિત
નથી. તેથી મોક્ષપ્રાપ્તિમાં સામાયિકયોગ જ મુખ્ય છે. વળી
સામાયિકમાં જે વિધાનો નિયત થયેલાં છે તે, નમસ્કાર આદિ
ઉત્તમ મંત્રોનો જાપ, આધ્યાત્મિક શાસ્ત્રોનું વાંચન, મનન,
પરિશીલન, આનુપૂર્વિનું ગણણું, કાયોત્સર્ગ, શુભભાવના વગેરે
બધા વ્યાપારો પણ આત્માને મોક્ષની સાથે જોડનાર ઉત્તમોત્તમ
ધર્મ વ્યાપારો છે.

૨ યોગશાસ્ત્રમાં યોગની વ્યાખ્યા કરતાં કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી
હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે, "મોક્ષનું કારણ યોગ
છે. અને તે યોગ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયમય છે."
સામાયિક, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ
કરાવનાર છે. સામાયિકના અભ્યાસીને જ જ્ઞાનાદિ ગુણો સમ્યગ્
રીતે પરિણામ પામે છે. અથવા જ્ઞાનાદિ ગુણોનું મૂલ્ય પણ સામા-
યિકને લીધે છે. કહ્યું છે કે, "સમતાવાળો શાંત માણસ જો ગુણને
પ્રાપ્ત થાય છે, તે ગુણને સમતા વિનાનો માણસ ભલે જ્ઞાની,
તપસ્વી, ઉત્કૃષ્ટ ક્રિયાવાળો, તથા સમકિતી હોય તો પણ પ્રાપ્ત
કરી શકતો નથી.

૩ [illegible] સમતાને [illegible] કરે છે, તે કારણે પણ સામાયિક
[illegible] છે. કારણ કે સામાયિક એ સમતા [illegible] છે.

૪ [illegible] [illegible] [illegible] [illegible]

આપ્યું છે. સામાયિક એ ચિત્તની તમામ અશુભવૃત્તિઓને
નિરોધ કરવાનું ઉત્તમ સાધન છે.

ઉન્નત જીવન ઘડવા માટે સામાયિક એક અમોઘ ઉપાય છે.
માયિકથી સદ્વર્તન ઘડાય છે, શાસ્ત્રાનુસારી શુદ્ધ જીવન ગાળવાના
ામની શરૂઆત થાય છે, મિત્રતા કે બંધુતાની લાગણી કેળવાય છે
ને સમ સ્થિતિમાં રહેવાની તાલીમ મળે છે. રાગદ્વેષને જિતવાના
રમાર્થની શરૂઆત થાય છે, શાન્તિની આરાધના થાય છે, અહિંસા-
ી ઉપાસના થાય છે સામાયિકની ક્રિયાનો મુખ્ય હેતુ સમભાવના
સાધના છે. એ સમભાવની સાધનાને ઉપયોગી ધર્મવ્યાપારોની
સામાયિકમાં એક સાથે સાધના થઈ જાય છે.

દેવાધિદેવ-તીર્થંકર પરમાત્માઓ પણ આ સામાયિકની સિદ્ધિ માટે
અતિ ઉગ્ર સાધના કરે છે, અને સામાયિક સિદ્ધિ થયા પછી
પોતે કૃતકૃત્ય હોવા છતાં ભવ્ય જીવોના કલ્યાણને માટે સામાયિક-
નું દાન કરે છે અને એ દ્વારા અનંતાનંત જીવો ભવસાગરના
પારને પામ્યા છે, પામે છે અને પામશે. એમની ગેરહાજરીમાં પણ
અર્થી જીવોને સામાયિકની પ્રાપ્તિ થતી રહે તે માટે તીર્થની સ્થાપના
કરે છે, એ એમની જગતને મોટામાં મોટી ભેટ છે. સામાયિકને
જીવનમાં ઉતારવું એ જ તીર્થંકરોની ભાવભક્તિ છે. બીજી બધી
સાધના સામાયિકરૂપી કાર્યની સિદ્ધિના ઉપાય તરીકે છે. આ સામા-
યિકને જે અપનાવે છે, તે રંક હોય તો પણ ક્ષણવારમાં ચક્રવર્તિને
પણ પૂજનીક બની જાય છે, એવો અચિંત્ય મહિમા સામાયિકનો છે.
પાંચે ચારિત્રોમાં સામાયિક અંતર્ગત રહેલું છે. પાંચે પરમેષ્ઠિઓમાં
જે પરમપૂજનીકપણું છે, તેમાં પણ મુખ્ય હેતુ સામાયિક છે. જે સિદ્ધ
થયા છે, થાય છે અને થશે, તેમાં પ્રધાન કારણ સામાયિક છે. સામા-
યિકભાવને પોષનારા મારુષ અને માતુષ એવા માત્ર બે શબ્દોના જ્ઞાન-

[illegible]

[illegible] અવિધિ દૂર કરવા
તથા વિધિને આચરવાની કાળજી, કાર્યને એક દિશા જરૂર પરિપૂર્ણ
બનાવે છે. અનાદિના અશુભ સંસ્કારથી વાસિત આ જીવ સાધિત
કાર્યમાં હંમેશ મૂઢ જેવો થઈને વર્તે છે. ઘણીવાર જ્ઞાનપૂર્વક ખ
બનવા પ્રયાસ કરે છે. તો પણ ટકી શકતો નથી વારંવાર મનને ખર
જતાં વાર લાગતી નથી. અનાદિ અશુભ સંસ્કારોનું પ્રાબલ્ય ઘણ
જોરદાર હોય છે. કહ્યું છે કે,

कम्माणि णूणं घणचिक्कणाइं गुरुयाइं वइरसाराइं।
नाणड्ढिअंपि पुरिसं पंथाओ उप्पहं णिंति ॥ २ ॥

ખરેખર કર્મો અત્યંત કઠોર, ભારે અને વજ્રના જેવા સારવાળ
હોય છે. જેથી તે જ્ઞાનવાન પુરૂષને પણ સન્માર્ગથી ખસેડી ઉન્માર્ગમ
લઈ જાય છે. એટલા માટે આધ્યાત્મિક વિકાસ એ ખરેખરૂં ગહન
કામ છે. કેટલાયે ભવાંતરો થાય ત્યારે તે અભ્યાસ સુસ્થિર બન

કે છે. સ્વભાવ, વર્તન, વાણી એકજ ભવમાં એકદમ બદલી જતાં
થી, પરંતુ ભવાંતરમાં ક્રમે ક્રમે તેનું પરિણામ આવે છે. તથા
ઉત્તરોત્તર પરિણામ વધતું જાય છે. સ્વભાવ પલટવાનો વાસ્તવિક
ઉપાય અશુભ પદાર્થો ઉપર વૈરાગ્યબુદ્ધિ કેળવવી અને શુભ પદાર્થોના
અભ્યાસમાં સતત લાગી રહેવું તે છે. સતત અભ્યાસ અને વૈરાગ્ય-
થીજ તે કાર્ય સિદ્ધ થઇ શકે છે. માટે શરૂઆતમાં ચિત્ત ન ચોંટે
તો પણ સામાયિક આદિ ધર્મક્રિયા છોડી દેવી નહિ, જેમ જેમ
ક્રિયાના શુભ સંસ્કાર વધતા જાય છે તેમ તેમ આપોઆપ તેમાં
અધિક રસ ઉત્પન્ન થતો જાય છે. અને સતત્ અભ્યાસના બળથી
મન પણ સુસ્થિર બની શકે છે.

વિષપીડિત પુરૂષ, મણિ, મંત્રાક્ષર અને ઔષધિનો પ્રભાવ
જાણતો નથી, તો પણ તેનો પ્રભાવ અચિન્ત્ય હોવાથી તેનું વિષ-
પીડિતપણું ચાલ્યું જાય છે. તેજ રીતે સામાયિક આદિ સૂત્રોના
રચયિતા અને ક્રિયાને બતાવનારા શ્રી તીર્થંકર ગણધર લોકોત્તર
મહાપુરૂષો હોવાથી એ શબ્દોનો અને ક્રિયાનો પણ અચિન્ત્ય મહિમા
છે. તેથી તેના અક્ષર શ્રવણ માત્રથી પણ લાભ થાય છે. તથા ગાઢ
કર્મોનો હ્રાસ થાય છે. ચીકણાં કર્મોના હ્રાસ થયા વગર એકલા
ભણતરથી સામાયિક આદિ ધર્માનુષ્ઠાનોનું લોકોત્તર રહસ્ય સમજી શકાય
તેવું નથી. 'પહેલા પરિપૂર્ણ સમજવું અને પછીજ આચરવું' આવું
માનનાર કોઇ દિવસ કોઇપણ કાર્યની સિદ્ધિ કરનારો બની
શકે નહિ.

સામાયિકાદિ લોકોત્તર ક્રિયાનાં રહસ્યો શ્રદ્ધાપૂર્વક તે ક્રિયાને
આચારમાં મૂકવાથી સમજી શકાય છે આચરણમાં ઉતારવા માટેનું
પ્રાથમિક જ્ઞાન આવાં પુસ્તકના વાંચનાથી પણ થઇ શકે છે, તે
માટે આ પુસ્તકમાં સ્વલ્પ પ્રયાસ કરવામાં આવ્યો છે.

એના: પ્રથમ વિભાગમાં સામાયિકનાં સૂત્રો, તેનો સામાન્ય અર્થ અને સામાન્ય સ્વરૂપ તથા કથાઓ વિગેરે રજુ કરવામાં આવ્યું છે. બાળ જીવોને માટે ક્રિયાસૂત્રનું આ પ્રાથમિક માર્ગ દર્શન છે. સ્વાધ્યાય વિભાગમાં સામાયિક તથા સમાનભાવને પુષ્ટ કરે એવું વાંચન દાખલ કરવામાં આવ્યું છે. સામાયિક સમયે એનું વાંચન સામાયિક પ્રત્યે અધિક રુચિભાવ કેળવવામાં સહાયભૂત બનવા સંભવ છે.

આ પુસ્તિકાનું વાંચન, એમાં ચર્ચેલ અને નહિ ચર્ચેલ વિષયોનું પ્રતિપાદન કરનારા મહાન શાસ્ત્રો ભણવાની અને તે ન બની શકે તો છેવટ અધિકારી આત્માઓના મુખથી શ્રવણ કરવાની જિજ્ઞાસા ઉત્પન્ન કરવામાં નિમિત્તભૂત બને તો એ પણ મહાન લાભનું કારણ છે. આ ભાવનાથી પ્રેરાઇને અર્થી આત્માઓને યત્કિંચિત જ્ઞાન મળે તે માટે કેટલાક ભાઇઓના આગ્રહથી આ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. "સામાયિક સ્વરૂપ" એ નામની પુસ્તિકાનું લખાણ ઉપયોગી જાણીને એનો ખાસ ઉપયોગ કરવામાં આવ્યો છે. બીજા પણ અનેક ગ્રંથોનો આધાર લેવામાં આવ્યો છે. તદુપરાંત મારા પરમકૃપાળુ પૂ. ગુરૂ મહારાજ **પંન્યાસજી પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર-શ્રીના** પરમ વાત્સલ્યમય આશીર્વાદથી આ કાર્ય નિર્વિઘ્નપણે પૂર્ણ થયું છે. આવા પરમ ઉપકારી કરૂણામૂર્તિ જ્ઞાનદાતા, પરમપૂજ્ય ગુરૂ મહારાજશ્રીના ગુણોનું અનુસ્મરણ કરવું એ પણ મારા આત્માને લાભદાયી છે.

નોવેલ રૂપે કે સામાન્ય પુસ્તક રૂપે આને નહિ ગણતાં આત્મ-લાભનું પરમ સાધન તે માની, તેના વાંચન, મનન અને અભ્યાસમાં પ્રયત્નશીલ થઇ, સામાયિકરૂપી આત્માના અમૂલ્ય સદ્દગુણોનો સૌ કોઇ વિકાસ કરો એજ એક અભ્યર્થના.

આમાં રહેલી ત્રુટિઓ અને અશુધ્ધિઓ ઉપર લક્ષ્ય નહિ આપતાં સંપાદક અને પ્રકાશકના આશયની શુભતા ઉપર લક્ષ્ય આપવા સૌ કોઇ ગુણાનુરાગી સુજ્ઞ વાચકને ભલામણુ છે. મતિમંદતા અને અલ્પજ્ઞતાના કારણે શાસ્ત્રવિરૂધ્ધ કાંઇપણુ લખાયું હોય તે માટે મિચ્છામિ દુક્કડં.

પિંડવાડા (રાજસ્થાન)
આશ્વિન શુકલ પૂર્ણિમા
સં. ૨૦૦૭ } મુનિ શ્રી કુંદકુંદવિજય



સામાયિકનો મહિમા.

दिवसे दिवसे लक्खं देइ सुवन्नस्स खंडियं एगो
एगो पुण सामाइयं करेइ न पहुपअे तस्स ॥ १ ॥

અર્થ—કોઈ પુરૂષ હંમેશાં લાખ ખાંડી સુવર્ણનું દાન કરે તો પણ સામાયિક કરનાર પુરૂષની તુલ્ય થતો નથી.

वाणवइ कोडीओ लक्खा, गुणसठ्ठी सहस पणविसं
नवसय पणविसाओ, सतिहा अडभाग पलियस्स ॥२॥

અર્થ—એક સામાયિક કરવાથી બાણું ક્રોડ ઓગણસાઠ લાખ, પચીશ હજાર નવસો અને પચીશ તથા એક પલ્યોપમના આઠ ભાગ કરીએ તેવા ત્રણ ભાગ એટલે ૯૨૫૯૨૫૯૨૫૯૨૫$\frac{3}{8}$ આટલા પલ્યોપમનું દેવાયુષ્ય બંધાય છે.

सामायिकं छिन्दकं चिरकर्मभेदि,
चन्द्रावतंसकमुख्याधियोऽत्र किन्तु ।
कार्येऽपि सम्यकुरुक्तं मलिनस्य नाशि,
घोरं तमो हरति ना कृत अत्र दीपः ॥३॥

જેમ જલસ્પર્શ મલિનપણાને નાશ કરે છે અને દીવો કરવાની સાથે જ અંધકાર ઘણા કાળના અંધકારનું હરણ કરે છે. તેમ ચંદ્રા- વતંસક રાજાની પેઠે એક વાર આચરેલું સામાયિક અનેક કર્મોનો નાશ કરે છે.

प्रणिहन्ति क्षणार्धेन, साम्यमालम्ब्य कर्म तत्
यन्न हन्यान्नरस्तीव्रतपसा जन्मकोटिभिः ॥ ४ ॥

માણસ જે કર્મને કોટી જન્મની કઠીન તપશ્ચર્યાથી પણ નાશ ન કરી શકે, તે કર્મને સમભાવનો આશ્રય લઇને અર્ધાક્ષણમાં નાશ કરે છે.

अयं प्रभावः परमः समत्वस्य प्रतीयताम् ॥
यत् पापिनः क्षणेनापि पदमियरति शाश्वतम् ॥५॥

જેનાથી પાપીઓ પણ ક્ષણમાત્રમાં શાશ્વતપદ પામે છે. તે આ સમભાવનો પરમ પ્રભાવ છે.


सामाइय-पोसह संठियस्स, जीवस्स जाइ जो कालो।
सो सफलो बोधव्वो, सेसो संसारफलहेउ ॥ ६ ॥

જીવનો જે સમય સામાયિક અને પૌષધમાં રહેતાં વ્યતીત થાય છે, તે સફલ છે અને બાકીનો બધો સમય સંસાર વૃદ્ધિનું કારણ છે.

सामाइयंमि उ कए समणोइव सावओ हवइ जम्हा,
अेअेण कारणेणं बहुसो सामाइयं कुज्जा ॥

અર્થ: શ્રાવક જ્યારે સામાયિકમાં હોય છે ત્યારે સાધુ જેવો થાય છે. તેટલા માટે બહુવાર સામાયિક કરવું જોઇએ.

એક સામાયિક કરવાથી જેટલું પુણ્ય થાય છે, તેટલું પુણ્ય કદાચ શ્રાવક ભાવથી મેરૂ પર્વત જેટલા સુવર્ણનું દાન કરે તો પણ થતું નથી.



શબ્દાર્થ:

નમો-નમસ્કાર હો.
અરિહંતાણં-અરિહંત ભગવાનોને
સિધ્ધાણં-સિદ્ધભગવાનોને
આયરિયાણં-આચાર્ય મહારાજોને
ઉવજ્ઝાયાણં-ઉપાધ્યાય મહારાજોને
સવ્વસાહૂણં-સર્વ સાધુઓને
લોએ-લોકમાં
પંચનમુક્કારો-પાંચને કરેલ નમસ્કાર
એસો-એ
સવ્વપાવ-બધાં પાપનો
પ્પણાસણો-નાશ કરનાર
મંગલાણં-મંગલોમાં
ચ-અને
સવ્વેસિં-સર્વને વિષે
પઢમં-પ્રથમ
હવઇ-છે
મંગલં-મંગળ

વાકયાર્થ:

નમો અરિહંતાણં-શ્રી અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ
નમો સિધ્ધાણં- શ્રી સિધ્ધ પરમાત્માને નમસ્કાર થાઓ
નમો આયરિયાણં-શ્રી આચાર્ય મહારાજને નમસ્કાર થાઓ
નમો ઉવજ્ઝાયાણં-શ્રી ઉપાધ્યાય મહારાજને નમસ્કાર થાઓ
નમો લોએ સવ્વસાહૂણં-અઢીદ્વીપમાં રહેલા સર્વ સાધુ મહારાજને નમસ્કાર થાઓ.
એસો પંચ નમુક્કારો-એ પાંચને કરેલ નમસ્કાર,
સવ્વપાવપ્પણાસણો-સર્વ પાપોનો નાશ કરનાર છે.
મંગલાણં ચ સવ્વેસિં-અને સર્વ મંગલોમાં,
પઢમં હવઇ મંગલં-પ્રથમ મંગલ રૂપ (કલ્યાણરૂપ) છે.

સમજુતીઃ

શ્રી નવકારમંત્ર પરમેષ્ઠિમંત્ર કહેવાય છે. પરમે એટલે ઊંચે સ્થાને-અધિકારે, "ષ્ઠિન્" એટલે રહેલા તે. અર્થાત્ ઊંચે સ્થાને યા અધિકારે રહેલા તે પરમેષ્ઠિ ગણાય છે. જેથી સર્વ મનુષ્યો કરતાં તેમનું સ્થાન અને સત્તા ઉંચા પ્રકારની હોય છે, વળી 'પરમે' એટલે ઊંચા સ્વરૂપમાં "ષ્ઠિન્" એટલે રહે તે પરમેષ્ઠિ કહેવાય છે, વળી અરિહંત પ્રભુ ગુર્વાદિક આ ભવમાં તેમ ભવોભવમાં સુખકર્તા છે, જેથી પરમોત્કર્ષના કારણભૂત હોવાથી પણ પરમેષ્ઠિ કહેવાય છે.

પંચપરમેષ્ઠિના અર્થનું સ્પષ્ટિકરણઃ-શ્રી અરિહંત પ્રભુના ત્રણ અર્થ થાય છે. (૧) **અર્હંત** એટલે જે પૂજા-સત્કાર કરવા યોગ્ય છે તે, [અર્હંતમાં अर्ह ધાતુ છે અને તેનો અર્થ યોગ્ય થવું થાય છે.] **અરિહંત** એટલે આઠ કર્મરૂપ શત્રુને હણનાર, (૩) **અરૂહંત** એટલે જેમનાં કર્મો ક્ષીણ થઈ જવાથી બીજો ભવ લેવાનો નથી, વળી તેમને વીતરાગ અને તીર્થંકર પણ કહેવાય છે. તેમના રાગ-દ્વેષ તદ્દન નાશ પામી ગયા છે, તેથી તેઓ વીતરાગ કહેવાય છે, અને સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા એમ ચતુર્વિધસંઘની સ્થાપના કરે છે, તેથી **તીર્થંકર** કહેવાય છે.

સિદ્ધઃ અષ્ટકર્મરૂપ ઈંધણને બાળી ભસ્મ કરી, જેમણે અંતિમ સાધ્ય એવું જે મોક્ષપદ સાધ્યું છે, તેઓ સિદ્ધ કહેવાય છે.

પંચસમિઓ તિગુત્તો;

છ-તીસ ગુણો ગુરુ મજ્ઝ ॥ ૨ ॥

શબ્દાર્થ:

ચિંદિય-પાંચ ઇંદ્રિયના વિષયોને
હ-તથા
ભચેર-બ્રહ્મચર્યની
ઉવિહ-ચારપ્રકારના
અ-એ
ણેહિં-ગુણોવડે
ચમહવ્વય-પાંચમહાવ્રતોથી
ંચવિહાયાર-પાંચ પ્રકારના આચાર
ંચસમિઓ-પાંચ સમિતિ
ત્તીસગુણો-છત્રીસ ગુણેયુક્ત

સંવરણો રોકનાર
નવવિહ-નવપ્રકારની
ગુત્તીધરો-વાડને ધારણ કરનાર
કષાયમુક્કો-કષાયથી મુકાએલા
અટ્ઠારસ-અઢાર
સંજુત્તો-યુક્ત
જુત્તો-યુક્ત
પાલણસમત્થો-પાળવાને સમર્થ
તિગુત્તો-ત્રણ ગુપ્તિએ સહિત
ગુરુ-ગુરુ
મજ્ઝ-મારા

વાક્યાર્થ:

પંચિંદિયસંવરણો-પાંચ ઇંદ્રિયોના વિકારોને રોકનાર.

તહ નવવિહબંભચેરગુત્તિધરો-તથા નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર.

ચઉવિહકસાયમુક્કો-ચાર પ્રકારનાં કષાયોથી મુક્ત.

ઇઅ અટ્ઠારસ ગુણેહિં સંજુત્તો-એ અઢાર ગુણે કરી સહિત,

પંચમહવ્વયજુત્તો-પાંચ મહાવ્રતોથી યુક્ત

પંચવિહાયાર પાલણસમત્થો–પાંચ પ્રકારના આચાર પાળવાને સમર્થ.

પંચ સમિઓ તિગુત્તો–પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિએ યુક્ત.

છત્તિસ ગુણો ગુરૂ મજ્ઝ–એ છત્રિસ ગુણોએ સહિત મારા ગુરૂ છે.

સમજુતિઃ– શિયલની નવ વાડો (૧) સ્ત્રી, પશુ, નપુંસક ન હોય ત્યાં રહેવું, (૨) સ્ત્રીની સાથે રાગથી વાતો કરવી નહિ, (૩) સ્ત્રી બેઠી હોય તે આસને પુરૂષે બે ઘડી સુધી બેસવું નહિ, અને પુરૂષ બેઠો હોય તે આસને સ્ત્રીએ ત્રણ પહોર સુધી બેસવું નહિં, (૪) રાગથી સ્ત્રીનાં અંગોપાંગ જોવાં નહિ, (૫) સ્ત્રી–પુરુષ સુતાં હોય અથવા કામભોગની વાત કરતાં હોય ત્યાં ભીંતના આંતરે રહેવું નહિ, (૬) અગાઉ ભોગવેલા વિષયાદિ સંભારવા નહિ, (૭) સ્નિગ્ધ આહાર કરવો નહિ, (૮) નિરસ એવો પણ અધિક આહાર કરવો નહિ, (૯) શરીરની શોભા-ટાપટીપ કરવી નહિ, બ્રહ્મચર્યનું શુભ રીતે પાલન કરનારે શિયલની નવ વાડો જાળવવી જોઇએ.

ખમાસમણ વા પ્રણિપાત સૂત્ર.

[૩]

ઇચ્છામિ ખમાસમણો !

વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ મત્થએણ વંદામિ.॥ ૩ ॥

શબ્દાર્થ:

ઇચ્છામિ હું ઇચ્છું છું.
ખમાસમણો-હે ક્ષમાશ્રમણ !
વંદિઉં-વાંદવાને
જાવણિજ્જાએ-પવિત્ર બનેલા
શરીર અને પવિત્ર પરિણામવડે.
નિસીહિઆએ-પાપ વ્યાપારનોત્યાગ કર્યો છે એવા શરીરવડે,
મત્થએણ-મસ્તકથી
વંદામિ-હું વાંદું છું.

વાકયાર્થ:

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં
-હે ક્ષમાવંતસાધુજી !
હું વાંદવાને ઇચ્છુ છું.
જાવણિજ્જાએ નિસીહિઆએ
-પાપવ્યાપારનો ત્યાગ કર્યો છે
એવા શરીર વડે, પવિત્ર પરિણામથી શક્તિસહિત, આપના
શરીરને બાધા ન થાય તેમ,
મત્થએણ વંદામિ-મસ્તક વડે
વાંદું છું.

[૪]

સુગુરૂ ને સુખશાતા પૃચ્છા

ઇચ્છકાર સુહરાઇ, સુહદેવસિ
સુખતપ, શરીર નિરાબાધ,
સુખસંજમયાત્રા નિર્વહોછોજી ?
સ્વામી શાતા છેજી ?
ભાત-પાણીનો લાભ દેજોજી.

શબ્દાર્થ:

ઇચ્છકાર-ઇચ્છાએ કરી.
સુહદેવસી-સુખે દિવસ
શરીર નિરાબાધ-શરીરે રોગરહિતપણુ.
સુહરાઈ-સુખે રાત્રિ
સુખતપ-સુખે કરી તપ.
સુખસંજમયાત્રા-સુખેચારિત્ર.
નિર્વહોછોજી?-પ્રવર્તોછોજી!

વાકયાર્થ:

ઇચ્છકાર સુહરાઈ, સુહદેવસિ, સુખતપ-હે ગુરુજી! આપ સુખે રાત્રિ, સુખે દિવસ, સુખે તપશ્ચર્યામાં,
શરીર નિરાબાધ-શરીરે રોગરહિતપણે,
સુખસંયમયાત્રા નિર્વહો છોજી?-સુખે સંયમરૂપ યાત્રામાં પ્રવર્ત્તો છોજી?
સ્વામિ શાતા છેજી? ભાત-પાણીનો લાભ દેજોજી.

[૫]

ઇરિયાવહિયં સૂત્ર

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં પડિક્કમામિ? ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં ॥ ઇરિ-યાવહિયાએ વિરાહણાએ, ગમણાગમણે, પાણક્કમણે ॥ બીયક્કમણે, હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગદગમટ્ટિ-મક્કડાસંતાણાસંકમણે ॥ જે મે જીવા વિરાહિયા,

એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ॥ અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સમિચ્છામિ દુક્કડં ॥

શબ્દાર્થ.

ઇચ્છાકારેણ-ઇચ્છાપૂર્વક.
ભગવન્-હે ભગવાન !
પડિક્કમામિ-હું પાછો હઠું છું.
ઇચ્છં-પ્રમાણ છે.
પડિક્કમિઉં-પાછો હઠવાને
ઇરિયાવહિયાએ-માર્ગમાં ચાલતાં
ગમણાગમણે-જતાં-આવતાં
બીયક્કમણે-બી ચાંપ્યા હોય
ઓસા-ઝાકળ
પણગદગ-પાંચ વર્ણની સેવાળ તથા કાચું પાણી
સંકમણે-ચાંપા હોય
જીવા-જીવો
એગિંદિયા-એક ઇંદ્રિયવાળા જીવો

સંદિસહ-આજ્ઞા આપો.
ઇરિયાવહિયં-ગમનાગમન કરતાં થયેલ પાપક્રિયાથી
ઇચ્છામિ-ઇચ્છું છું.
વિરાહણાએ-જીવની વિરાધના થઇ હોય
પાણક્કમણે-પ્રાણીઓના શરીરને ચાંપ્યાં હોય
હરિયક્કમણે-લીલી વનસ્પતિ ચાંપી હોય
ઉત્તિંગ-કીડિયારું
મટ્ટી-માટી
મક્કડા સંતાણા-કરોળિયાની જાળ
જે મે-જે મેં
વિરાહિયા-વિરાધ્યા હોય
બેઇંદિયા-બે ઇંદ્રિયવાળા જીવો

તેઇંદિયા-ત્રણ ઇંદ્રિયવાળા   ચઉરિંદિયા-ચાર ઇંદ્રિયવાળા
પંચિંદિયા-પાંચ ઇંદ્રિયવાળા   અભિહયા-લાતે માર્યા હોય
વત્તિયા-ધૂળે ઢાંક્યા હોય   લેસિયા-ભોંય સાથે ઘસ્યા હોય
સંઘાઇયા-ભેગા કર્યા હોય   સંઘટ્ટિયા-પરસ્પર ઘસ્યા હોય
પરિયાવિયા-પરિતાપ ઉપજાવ્યો હોય
કિલામિયા-ખેદ પમાડ્યા હોય   ઉદ્દવિયા-ત્રાસ પમાડ્યા હોય
ઠાણાઓ ઠાણં-એક સ્થાનેથી બીજે સ્થાને મૂક્યા હોય
જીવિયાઓ વવરોવિયા-જીવિતથી મૂકાવ્યા હોય,
તસ્સ-તે, મિચ્છા-મિથ્યા થાઓ   મિ-મારું.   દુક્કડં-પાપ

સમજુતી;-ઈરિયાવહિયા એ શબ્દ પ્રાકૃત ભાષાનો છે અને તેનો સંસ્કૃત શબ્દ ઇર્યાપથિકી છે, તે શબ્દ ઇર્યાપથ ઉપરથી બન્યો છે. 'ઈર્યાપથ' એટલે હાલવા-ચાલવાનો માર્ગ. હાલતાં-ચાલતાં જે પાપની ક્રિયા થાય તે ઇર્યાપથિકી અથવા ઇરિયાવહી કહેવાય છે, અને ઈરિયાવહિ આલોચના એટલે હાલવા-ચાલવાની ક્રિયા કરતાં જે પાપ લાગ્યું હોય તેની આલોચના કરવી-તે સંબંધી પશ્ચાતાપ કરવો.

[૬]

તસ્સ ઉત્તરી સૂત્ર.

તસ્સ ઉત્તરીકરણેણં,
પાયચ્છિત્તકરણેણં,
વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં ॥

પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ,
ઠામિ કાઉસ્સગ્ગં.

શબ્દાર્થ.

:સ-તેની
ઉત્તરીકરણેણં-ફરીને શુદ્ધિ માટે.
ાયચ્છિત્તકરણેણં-પ્રાયશ્ચિત કરવા વડે,
ાસોહીકરણેણં-વિશેષ શુદ્ધિમાટે
વિસલ્લીકરણેણં-આત્માને શલ્ય [રહિત કરવા વડે
ાવાણં કમ્માણં-પાપોને તથા કર્મોને
ંગ્ઘાયણટ્ઠાએ-નાશ કરવાને માટે
કાઉસ્સગ્ગં-કાઉસ્સગ્ગ,
:મિ-કરું છું.

[७]

અન્નત્થ ઉસસિએણં સૂત્ર

અન્નત્થ ઉસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ ॥ ૧ ॥ સુહુમેહિં અંગ સંચાલેહિં, સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં ॥ ૨॥ એવમાઇએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥૩॥ જાવ અરિહંતાણં, ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ ॥ ૪ ॥ તાવકાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ ॥ ૫ ॥

શબ્દાર્થ:

અન્નત્થ— અન્નત્ય (આદિ) નીચે ના બાર આગારો સિવાય.
ઉસસિએણં— ઉંચો શ્વાસ લેવાથી
નીસસિએણં —નીચો શ્વાસ મૂકવાથી
ખાસિએણં—ઉધરસ આવવાથી
છીએણં—છીંક આવવાથી
જંભાઇએણં બગાસું આવવાથી
ઉડ્ડુએણં—ઓડકાર આવવાથી
વાયનિસગ્ગેણં—વા છુટવાથી
ભમલીએ—ચકરી આવવાથી
પિત્તમુચ્છાએ—પિત્તવડે મૂર્છા આવવાથી.
સુહુમેહિં—સૂક્ષ્મ
અંગસંચાલેહિં—અંગચાલવાથી
ખેલસંચાલેહિં બડખો આવવાથી
દિટ્ઠિસંચાલેહિં—દ્રષ્ટિ ફેરવવાથી

એવમાઇએહિં—એ વગેરે
આગારેહિં—આગારો વડે
અભગ્ગો—અખંડિત
અવિરાહિઓ—અવિરાધિત
હુજ્જ—હો
મે—મારો
કાઉસગ્ગો—કાઉસગ્ગ
જાવ—જ્યાં સુધી
અરિહંતાણં—અરિહંતને
ભગવંતાણં—ભગવાનને
નમુક્કારેણં—નમસ્કાર વડે
નપારેમિ—ન પારૂં
તાવ—ત્યાં સુધી
કાયં—કાયાને
ઠાણેણં—એક સ્થાનકે
મોણેણં—મૌનપણે
ઝાણેણં—ધ્યાન વડે
અપ્પાણં—પોતાને
વોસિરામિ—વોસિરાવું છું.

વાક્યાર્થ:

અન્નત્થ: એટલે જે બાર આગારોનું વર્ણન કરેલું છે, તે બાર આગારો સિવાય બીજે સ્થાનકે કાયાના વ્યાપારનો ત્યાગ કરૂં છું. એ બાર આગારોનાં નામ નીચે પ્રમાણે જણાવ્યાં છે.

ઉંચો શ્વાસ લેવાથી, નીચો શ્વાસ મુકવાથી; ઉધરસ આવવાથી, છીંક આવવાથી, બગાસું આવવાથી, ઓડકાર આવવાથી, વા સંચરવાથી, ચકરી આવવાથી, પિત્તના પ્રકોપથી મૂર્છા આવવાથી, સૂક્ષ્મ રીતે શરીર હલાવવાથી, સૂક્ષ્મ રીતે બડખો આવવાથી, સૂક્ષ્મ રીતે દ્રષ્ટિ ફેરવવાથી.

એવમાઇએહિં આગારેહિં: એ પૂર્વોક્ત આગારો ઉપરાંત બીજા પણ ચાર આગારો: અગ્નિના ઉપદ્રવથી બીજે સ્થાનકે જવું પડે, તથા વીજળીના પ્રકાશથી વસ્ત્રો વગેરે ઓઢવાં પડે. ॥ ૧ ॥ બીલાડી, ઉંદર વગેરે આડાં ઉતરતાં હોય, અથવા પંચેંદ્રિય જીવનું છેદનભેદન થતું હોય ॥ ૨ ॥ અકસ્માત્ ચોરની ધાડ પડે અથવા રાજાદિના ભયથી બીજે સ્થાનકે જવું પડે ॥ ૩ ॥ સિંહ વગેરે ઉપદ્રવ કરતા હોય અથવા સર્પાદિ દંશ કરતા હોય, અથવા ભીંત પડતી હોય તો બીજે સ્થાનકે જવું પડે. ॥ ૪ ॥

અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો–ઉપરના સોળ આગારોથી મારો કાઉસગ્ગ અખંડિત અને અવિરાધિત હોજો.

જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ–જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવાવડે કાઉસગ્ગ ન પારૂં,

તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ–ત્યાં સુધી મારી કાયાને સ્થાનવડે, મૌનવડે, ધ્યાનવડે, વોસિરાવું છું.

[illegible]

[illegible]

[૧] ઘોડાની પેઠે એક પગ ઊંચો રાખે, તેમ પગ વાંકો રાખે તે ઘોટકદોષ.

[૨] જેમ વાયરાથી વેલડી હાલે તેમ શરીરને ધ્રુજાવે તે લતાદોષ.

[૩] થાંભલા વગેરેને ઓઠીંગણ દઈ ઊભે તે સ્તંભાદિદોષ

[૪] ઉપર મેડી અથવા માળ હોય તેને મસ્તક ટેકવી ઊભે તે માળદોષ.

[૫] ગાડાની ઉધની પેઠે અંગુઠા તથા પાની મેળવીને પગ રાખે તે ઉદ્ધિ દોષ.

[૬] નિગડ (બેડી)માં પગ નાખ્યાની પેઠે પગ પહોળા રાખે તે નિગડદોષ.

[૭] નગ્ન ભિલડીની પેઠે ગુહ્યસ્થાને હાથ રાખે તે શબરીદોષ.

[૮] ઘોડાના ચોકઠાની પેરે હાથ રજોહરણ યુક્ત આગળ રાખે તે ખલિણદોષ.

[૯] નવપરિણીત વધૂની પેરે માથું નીચું રાખે તે વધુદોષ

[૧૦] નાભિની ઉપર અને ઢીંચણથી નીચે લાંબુ વસ્ત્ર રાખે તે લંબુત્તરદોષ.

[૧૧] ડાંસ-મચ્છરના ભયથી, અજ્ઞાનથી અથવા લજ્જાથી હ્રદયને આચ્છાદન કરી સ્ત્રીની પેરે ઢાંકી રાખે તે સ્તનદોષ.

[૧૨] શીતાદિકના ભયથી સાધ્વીની જેમ બન્ને સ્કંધ ઢાંકી રાખે એટલે આખું શરીર આચ્છાદન કરે તે સંયતિદોષ.

[૧૩] આલાવા ગણવાને અથવા કાઉસ્સગ્ગની સંખ્યા ગણવાને અંગુલ તથા પાંપણના ચાળા કરે તે ભમુહંગુલિ દોષ.

[૧૪] કાગડાની માફક ડોળા ફેરવે તે વાયસદોષ.

[૧૫] પહેરેલાં વસ્ત્ર જૂ અથવા પરસેવાથી મલિન થવાના ભયથી કોઠની પેરે ગોપવી રાખે તે કપિત્થ દોષ.

[૧૬] યક્ષાવેશિતની પેરે માથું ધુણાવે તે શિરકંપ દોષ.

[૧૭] મુંગાની પેઠે હું હું કરે તે મૂકદોષ.

[૧૮] આલાવા ગણતાં મદિરા પીધેલની માફક બડબડાટ કરે તે મદિરાદોષ.

[૧૯] વાનરની પેરે આસપાસ જોયા કરે અને ઓષ્ઠપુટ હલાવે તે પ્રેક્ષ્યદોષ.

લોગસ્સ—સૂત્ર યા નામસ્તવ.

પ્ર૦ લોગસ્સને શું કહેવાય છે?

ઉ૦ લોગસ્સને ચઉવિસત્થો, ચતુર્વિંશતિ સ્તવન અથવા લોગસ્સ એવા ત્રણ નામથી ઓળખાય છે.

કેવલિ-કેવળીને
અરિહંતે-અરિહંત ભગવાનોને
ચઉવિસંપિ-ચોવીસે પણ
ઉસભમજિઅં-ઋષભદેવ
તથા અજીતનાથને
વિમલમણંતં-વિમળનાથ તથા
અનંતનાથને
સંતિં-શાંતિનાથને
અરં-અરનાથને
મુણિસુવ્વયં-મુનિસુવ્રતસ્વામિને
રિટ્ઠનેમિં-અરિષ્ટનેમિને
તહ-તેમજ વળી
વદ્ધમાણં-વર્ધમાનસ્વામિને
મએ-મેં
વિહુય-ટાળ્યા છે.
પહીણ-વિશેષે ક્ષય કર્યો છે
જિણવરા-સામાન્ય કેવળીમાં શ્રેષ્ઠ
પસીયંતુ-પ્રસન્ન થાઓ
વંદિય-વાંદ્યા છે
જેએ-જેઓએ
ઉત્તમા-ઉત્તમ
આરુગ્ગ-આરોગ્ય
સમાહિવર-ઉત્તમસમાધિ
દિંતુ-આપો
નિમ્મલયરા-અતિનિર્મળ
અહિયં-અધિક

સંભવમભિણંદણં-સંભવ-
નાથ તથા અભિનંદનને
સુપાસં-સુપાર્શ્વનાથને
સુવિહિં-સુવિધિનાથને
સિઅલસિજ્જંસ-શિતળનાથ
તથા શ્રેયાંસનાથને
જિણં-જિનને
ધમ્મં-ધર્મનાથને
કુંથું-કુંથુનાથને
મલ્લિં-મલ્લિનાથને
નમિજિણં-નમિનાથને
પાસં-પાર્શ્વનાથને
એવં-એ પ્રમાણે
અભિથુઆ-સ્તવ્યા
રયમલા-રજ અને મેલ જેમણે
જરમરણા-જરા અને મરણ
તિત્થયરા-તીર્થંકરો
મે-મને
કિત્તિય-સ્તવ્યા છે
મહિયા-પૂજ્યા છે
લોગસ્સ-લોકમાં
સિદ્ધા-સિદ્ધ થયા છે
બોહિલાભં-બોધિબીજનો લાભ
ઉત્તમં-શ્રેષ્ઠ
ચંદેસુ ચંદ્રથી
આઇચ્ચેસુ-સૂર્યના સમૂહથી

સાગરવર–સ્વયંભૂરમણ સમુદ્રથી
સિદ્ધા–હે સિદ્ધો
મમ–મને
દિસંતુ–આપો

પયાસયરા–પ્રકાશ કરનારા
ગંભીરા ગંભીર
સિદ્ધિં–મોક્ષ

વાક્યાર્થ:

લોગસ્સ ઉજ્જોઅગરે–લોકને વિષે ઉદ્યોત કરનારા.

ધમ્મ તિત્થયરે જિણે–ધર્મરૂપ તીર્થના સ્થાપનારા અને શત્રુને જીતનારા.

અરિહંતે કિત્તઇસ્સં, ચઉવિસંપિ કેવલી ॥ ૧ ॥–અરિહંત ભગવાનોની, ચોવીશ તીર્થંકરો અને બીજા પણ કેવળજ્ઞાનીની હું સ્તુતિ કરીશ.

ઉસભ–મજિઅં ચ વંદે ૧ ઋષભદેવ અને ૨ અજિત નાથને વાંદુ છું.

સંભવ–મભિણંદણં ચ સુમઇં ચ–૩ સંભવનાથને, ૪ અભિનંદનસ્વામીને અને ૫ સુમતિનાથને

પઉમપ્પહં સુપાસં ૬ પદ્મપ્રભ અને ૭ સુપાર્શ્વનાથને

જિણં ચ ચંદપ્પહં વંદે ॥ ૨ ॥–અને રાગદ્વેષને જિતનાર એવા ૮ ચંદ્રપ્રભુને વાંદુ છું.

સુવિહિં ચ પુપ્ફદંતં–૯ સુવિધિનાથ અપર નામ પુષ્પદંતને

સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ–૧૦ શીતળનાથ, ૧૧ શ્રેયાંસનાથ અને ૧૨ વાસુપૂજ્યને

વિમલમણંતં ચ જિણં ૧૩ વિમળનાથને ૧૪ અનંત [illegible] [illegible] જિતનાર [illegible]

મ્મં સંતિં ચ વંદામિ ॥ ૩ ॥–૧૫ ધર્મનાથ તથા ૧૬ શાંતિનાથને

થુંઅરં ચ મલ્લિં–૧૭ કુંથુનાથ ૧૮ અરનાથ અને ૧૯ મલ્લિનાથને

દે મુણિસુવ્વયં નમિજિણં ચ–૨૦ મુનિસુવ્રતસ્વામીને તથા રાગદ્વેષને જિતનારા ૨૧ નમિનાથને હું વાંદુ છું.

ંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ॥ ૪ ॥

૨ અરિષ્ટનેમિ (નેમિનાથ), ને ૨૩ પાર્શ્વનાથને તથા ૨૪ વર્ધમાનસ્વામીને હું વાંદુ છું.

એવં મએ અભિથુઆ–એવી રીતે મારા વડે સ્તવેલા [એવા તથા,

વિહુય રયમલા–પહિણ જર–મરણા–જેમણે કર્મરૂપ રજ અને મેલ ટાળ્યા છે, તથા ઘડપણ અને મરણ ક્ષય કર્યાં છે એવા તથા,

ચઉવિસંપિ જિણવરા–સામાન્ય કેવળીમાં ઉત્તમ એવા ચોવીશે

તિત્થયરા મે પસીયંતુ ॥ ૫ ॥–તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ.

કિત્તિય–વંદિય–મહિયા–(ઇંદ્રાદિકવડે) સ્તુતિ કરાયેલા, વંદન અને પૂજાયેલા

જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા—જેઓ આ લોકમાં ઉત્તમ સિદ્ધ થયા છે.

આરૂગ્ગ–બોહિલાભં– આરોગ્ય અને સમ્યગ્દર્શનનો લાભ


સમાહિ-વર-મુત્તમં દિન્તુ ॥ ૬ ॥—તેમજ ઉત્તમ અને શ્રેષ્ઠ સમાધિ આપો.

ચંદેસુ નિમ્મલયરા—ચંદ્રોથી પણ ઘણાજ નિર્મળ.

આઇચ્ચેસુ અહિયં પયાસયરા—સૂર્યોથી વધારે પ્રકાશ કરનાર.

સાગર-વર-ગંભીરા—સમુદ્ર જેવા ગંભીર.

સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥ ૭ ॥—એવા હે સિદ્ધો મને મોક્ષ આપો.



ક્રમ.	તીર્થંકરનું નામ	પિતા	માતા	જન્મસ્થાન	લાંછન	શરીર ધનુષ	વર્ણ	આયુષ્ય
૧	ઋષભદેવ	નાભિરાજા	મરુદેવા	અયોધ્યા	વૃષભ	૫૦૦	સુવર્ણ	૮૪ લા. પૂ.
૨	અજિતનાથ	જિતશત્રુ	વિજયા	અયોધ્યા	હસ્તી	૪૫૦	સુવર્ણ	૭૨ લા. પૂ.
૩	સંભવનાથ	જિતારી	સેના	શ્રાવસ્તિ	અશ્વ	૪૦૦	સુવર્ણ	૬૦ લા. પૂ.
૪	અભિનંદન	સંવર	સિદ્ધાર્થા	અયોધ્યા	વાનર	૩૫૦	સુવર્ણ	૫૦ લા. પૂ.
૫	સુમતિનાથ	મેઘરથ	સુમંગલા	અયોધ્યા	ક્રૌન્ચ	૩૦૦	સુવર્ણ	૪૦ લા. પૂ.
૬	પદ્મપ્રભપ્રભુ	શ્રીધર	સુસીમા	કૌશાંબી	પદ્મ	૨૫૦	રક્ત	૩૦ લા. પૂ.
૭	સુપાર્શ્વનાથ	સુપ્રતિષ્ઠ	પૃથ્વી	કાશી	સ્વસ્તિક	૨૦૦	સુવર્ણ	૨૦ લા: પૂ.
૮	ચંદ્રપ્રભસ્વામી	મહાસેન	લક્ષ્મણા	ચંદ્રપુરી	ચંદ્ર	૧૫૦	શ્વેત	૧૦ લા. પૂ.
૯	સુવિધિનાથ	સુગ્રીવ	રામા	કાકંદી	મગર	૧૦૦	શ્વેત	૨ લા. પૂ.
૧૦	શીતલનાથ	દૃઢરથ	નંદા	ભદ્દિલપુર	શ્રીવત્સ	૯૦	સુવર્ણ	૧ લા. પૂ.

૧૧	શ્રેયાંસનાથ	વિષ્ણુ	વિષ્ણુ	સિંહપુર	ગેંડો	૮૦	સુવર્ણ	૮૪ લા. વ.
૧૨	વાસુપૂજ્ય	વસુપૂજ્ય	જયા	ચંપા	પાડો	૭૦	રક્ત	૭૨ લા. વ.
૧૩	વિમલનાથ	કૃતવર્મા	શ્યામા	કાંપિલપુર	ભૂંડ	૬૦	સુવર્ણ	૬૦ લા. વ.
૧૪	અનંતનાથ	સિંહસેન	સુયશા	અયોધ્યા	સિંચાણો	૫૦	સુવર્ણ	૩૦ લા. વ.
૧૫	ધર્મનાથ	ભાનુ	સુવ્રતા	રત્નપુર	વજ્ર	૪૫	સુવર્ણ	૧૦ લા. વ.
૧૬	શાંતિનાથ	વિશ્વસેન	અચિરા	હસ્તીનાપુર	મૃગ	૪૦	સુવર્ણ	૧ લા. વ.
૧૭	કુંથુનાથ	સૂર	શ્રી	,,	બકરો	૩૫	સુવર્ણ	૯૫ હ. વ.
૧૮	અરનાથ	સુદર્શન	દેવી	,,	નંદાવર્ત	૩૦	સુવર્ણ	૮૪ હજાર વ.
૧૯	મલ્લિનાથ	કુંભ	પ્રભાવતી	મિથીલા	કુંભ	૨૫	નીલ	૫૫ હ. વ.
૨૦	મુનિસુવ્રત	સુમિત્ર	પદ્મા	રાજગૃહ	કાચબો	૨૦	શ્યામ	૩૦ હ. વ.
૨૧	નમિનાથ	વિજય	વપ્રા	મિથિલા	નીલકમલ	૧૫	સુવર્ણ	૧૦ હ. વ.
૨૨	નેમિનાથ	સમુદ્રવિજય	શિવા	શૌર્યપુર	શંખ	૧૦	શ્યામ	૧ હ. વ.
૨૩	પાર્શ્વનાથ	અશ્વસેન	વામા	કાશી	સર્પ	૯ હાથ	નીલ	૧૦૦ વર્ષ
૨૪	મહાવીરસ્વામી	સિદ્ધાર્થ	ત્રિશલા	ક્ષત્રિયકુંડ	સિંહ	૭ હાથ	સુવર્ણ	૭૨ વર્ષ

કરેમિભંતે સૂત્ર વા સામાયિકનું પચ્ચક્ખાણ

કરેમિભંતે ! સામાઇઅં, સાવજ્જં જોગં પચ્ચક્ખામિ, જાવનિયમં, પજ્જુવાસામિ, દુવિહં, તિવિહેણં, મણેણં, વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

શબ્દાર્થ

કરેમિ-કરું છું.
ભંતે-હે ભગવાન.
સામાઇઅં-સામાયિક.
સાવજ્જં-પાપકારી.
જોગં-યોગને.
પચ્ચક્ખામિ-પચ્ચખ્ખાણ [કરું છું
જાવ-જ્યાં સુધી.
નિયમં-નિયમને.
પજ્જુવાસામિ-સેવું છું.
દુવિહં-બે પ્રકારે.
તિવિહેણં- ત્રણ પ્રકારે.
મણેણં-મને કરી.
વાયાએ-વચને કરી.
કાએણં-કાયાએ કરી.
નકરેમિ-ન કરું
ન કારવેમિ-ન કરાવું.
તસ્સ- તે (પૂર્વે કરેલ અપરાધ થકી).
પડિક્કમામિ-પાછો હઠું છું.
નિંદામિ-આત્મા શાખે નિંદું છું.
ગરિહામિ-ગુરુશાખે વિશેષે નિન્દુ છું.
અપ્પાણં-મારા આત્માને.
વોસિરામિ-પાપ થકી વોસિરાવું છું.

શબ્દાર્થ:

સામાઇઅવય-સામાયિક વ્રતથી	જુત્તો-સહિત
જાવ-જ્યાં સુધી	મણે-મનમાં
હોઇ-હોય	છિન્નઇ-છેદાય છે.
નિયમસંજુત્તો-નિયમથી યુક્ત	અસુહં-અશુભ
કમ્મં-કર્મ	સામાઇય-સામાયિક
જત્તિયાવારા-જેટલીવાર	સામાઇઅંમિ-સામાયિક
ઉ-વળી	કએ કર્યે છતે
સમણો ઇવ-સાધુની પેઠે	સાવઓ-શ્રાવક
હવઇ-હોય	જમ્હા-જે માટે
એએણ-એ	કારણેણં-કારણથી
બહુસો-બહુવાર	કુજ્જા-કરવું

વાક્યાર્થ:

સામાઇઅવયજુત્તો-સામાયિક વ્રતથી યુક્ત

જાવમણે હોઇનિયમસંજુત્તો-જ્યાંસુધી મન તે નિયમથી સંયુક્ત હોય

છિન્નઇ અસુહં કમ્મં-અશુભ કર્મ છેદાય છે.

સામાઇઅ જત્તિઆવારા-જેટલીવાર સામાયિક કરે તેટલીવાર

સામાઇઅંમિ ઉ કએ-જે માટે સમાયિક કરતી વખતે

સમણો ઇવ સાવઓ હવઇ જમ્હા-શ્રાવક સાધુસમાન હોય

એએણ કારણેણં-તે કારણથી

બહુસો સામાઇઅં કુજ્જા-બહુવાર સામાયિક કરવું.

સામાયિક વિધિયે લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કોઇ અવિધિ હુઓ હોય તે સવિ હુ મન વચન કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં-સમાયિક વ્રત વિધિથી લેતાં, વિધિથી પારતાં જે કાંઇ અવિધિ થયો હોય તે સર્વ માટે હું મન, વચન અને કાયાએ કરી મિચ્છામિ દુક્કડં દઉ છું. અર્થાત્ અવિધિ દોષમાં સર્વ પાપની હું માફી માગી લઉ છું.

પ્ર૦ મન, વચનના અને કાયાના કેટલા દોષ છે? અને તે કયા કયા તે કહો.

ઉ૦ સામાયિકવ્રતમાં ૩૨ દોષ બતાવવામાં આવેલા છે, તે સર્વ વર્જીને સામાયિકવ્રત પાળવું, તે દોષ નીચે પ્રમાણે છેઃ-

મનના દશ-(૧) વૈરી દેખી દ્વેષ કરે, (૨) અવિવેક ચિંતવે, (૩) અર્થ ન ચિંતવે, (૪) મનમાં ઉદ્વેગ ધરે, (૫) યશની વાંછના કરે, (૬) વિનય ન કરે, (૭) ભય ચિંતવે, (૮) વ્યાપાર ચિંતવે, (૯) ફળનો સંદેહ રાખે, (૧૦) નિયાણું કરે.

વચનના દશ-(૧) કુવચન બોલે, (૨) હુંકારા કરે, (૩) પાપ આદેશ આપે, (૪) લવારો કરે, (૫) કલહ કરે, (૬) આવો-જાઓ કહે, (૭) ગાળ બોલે,



સ્થાપનાચાર્ય.

સામાયિકની ધાર્મિક મંગળ ક્રિયા કરતી વખતે સ્થાપના-ર્ય સાક્ષીભૂત તરીકે સ્થાપવામાં આવે છે. જો ગુરૂ મહા-જ [આચાર્ય મહારાજ]ની હાજરી હોય તો સ્થાપનાચાર્યની રૂર નથી. તેમની ગેરહાજરીમાં પુસ્તક, સાંપડા પર મૂકી માં આચાર્ય મહારાજની ભાવના ભાવવી. વ્યવહારમાં પણ ાક્ષી રાખવાથી કાર્યની નિશ્ચલતા થાય છે, તો પછી આવા રમ મંગળમય ધાર્મિક કાર્યમાં સ્થાપનાચાર્યની સાક્ષીથી ર્મમાર્ગમાં દ્રઢ થવાય તે દેખીતું છે. ગુરૂ મહારાજની તેમાં ાવના કરવાથી આળસ, પ્રમાદાદિ દોષોથી વિરક્ત થવાય છે, ને સ્થાપનાચાર્ય સાક્ષીભૂત હોવાથી ધર્મમાર્ગમાં અપ્રમત્ત થાય છે.

સામાયિક લેવાનો વિધિ.

ઠવણી પર પધરાવેલા સ્થાપનાચાર્યજી ન હોય તો ઉચે ાનકે પુસ્તક આદિ જ્ઞાન, દર્શન કે ચારિત્રનું ઉપકરણ મૂકીને દ્ધ વસ્ત્ર સહિત થઇ, કટાસણું પાથરી, ચરવળો, અને મુહપત્તિ ાબા હાથમાં મુખપાસે રાખી, એક **નવકાર** તથા **પંચિંદિય** ત્ર કહેવાં, પછી **ખમાસમણ** દઈ, **ઇરિયાવહિયં** સૂત્ર, **તસ્સ ત્તરી, અન્નત્થ** કહી એક **લોગસ્સ** [" ચંદેસુ નિમ્મલયરા ધી "] અથવા ચાર નવકારનો કાયોત્સર્ગ કરવો અને **નમો રિહંતાણં** એ પદ બોલી કાયોત્સર્ગ પારીને પ્રગટ **લોગસ્સ**

કહેવો **ખમાસમણુ** દઇ, " ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! **સામાયિક મુહપત્તિ પડિલેહું ?** " કહી કંઇક શિર લઇ ઇચ્છં કહી, પચાસ બોલ ચિન્તવવાપૂર્વક મુહપત્તિ પડિલેહવી. પછી **ખમાસમણુ** દઇ, **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન ! સામાયિક સંદિસાહું ?** ઇચ્છં કહી, **ખમાસમણુ** દઇ, **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક ઠાઉ ?** ઇચ્છં કહી બે હાથ જોડી એક **નવકાર** ગણી ઇચ્છકારી ભગવન્ ! પસાય કરી **સામાયિક દંડક** ઉચ્ચરાવોજી કહી ગુરૂ અથવા વડિલ હોય તો તેઓની પાસે **કરેમિભંતે !** ઉચ્ચરાવવું, વડિલ ન હોયતો પોતાની મેળે કરેમિભંતેનો પાઠ બોલવો, પછી **ખમાસમણુ** દઇ, **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે સંદિસાહું ?** ઇચ્છં, કહી **ખમાસમણુ** દઇ, **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે ઠાઉં ?** ઇચ્છં કહી **ખમાસમણુ** દઇ,

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સજઝાય સંદિસાહું ? ઇચ્છં, કહી **ખમાસમણુ** દઇ **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજઝાય કરૂં ?** ઇચ્છં, કહી **ત્રણ નવકાર** ગણવા. પછી બે ઘડી ધર્મધ્યાન કરવું. વિકથા કરવી નહિં.

સામાયિક પારવાનો વિધિ.

ઉભા થઇ **ખમાસમણુ** દઇ, **ઇરિયાવહિયં** પડિક્કમી, **તસ્સ ઉત્તરી, અન્નત્થ** કહી, એક **લોગસ્સનો** કાયોત્સર્ગ ચંદેસુ

મત્થએણ, સુધી કરી, પારીને પ્રગટ લોગસ્સ કહેવો, પછી
ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્!
મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં, કહી મુહપત્તિ પડિલેહવી,
પછી ખમાસમણ દઇ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્
સામાયિક પારૂં ? યથાશક્તિ. પછી ખમાસમણ દઇ,
ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પાર્યું ?
તહત્તિ કહી પછી જમણો હાથ ચરવળા ઉપર અથવા કટાસણા
ઉપર સ્થાપી એક **નવકાર** ગણી **સામાઇય વયજુત્તો**. કહી
જમણો હાથ મુખ સન્મુખ રાખી એક **નવકાર** ગણવો.

સામાયિક પારવાનો વિધિ સમાપ્ત

ઉપકરણ

પ્રશ્નઃ સામાયિકમાં કયા કયા ઉપકરણો જોઇએ અને
શા માટે ?

ઉત્તરઃ ચરવળો, કટાસણું, મુહપત્તિ, પુસ્તકાદિ સ્થાપન
ર્ય વિગેરે ઉપકરણ એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્ર
પ્તિમાં ઉપકારનાં કારણો.

ચરવળોઃ રાખવાનું પ્રયોજન એ છે, કે તે મુનિ અ
ર્માર્જન કરવાનું તેમજ નિર્દોષ જન્તુઓને બચાવવાનું સા
છે, અને રજોહરણ પણ કહેવાય છે. રજોહરણનો
ગણો થાય છે, કે તેને બાહ્યદૃષ્ટિથી જોઇએ તો તે

એટલે ધૂળનું હરણ કરે છે, એટલે ધૂળ દૂર કરે છે, [illegible]
અભ્યંતર દૃષ્ટિથી જોઇશું તો તે કર્મરૂપી રજને [illegible]
કરે છે.

કટાસણું: કટ એટલે સાદડી અને તેનું આસન તે કટાસ[illegible]
[illegible] તેનો મૂળ અર્થ થાય છે. છેવટે તે ઊનનું [illegible]
[illegible]. તે ઉપર જીવજન્તુ આવવાનો સંભવ ઓછો રહે [illegible]

તેમજ ભરાઈ રહેવાનો સંભવ ઘણો ઓછો રહે [illegible]
[illegible] તેમજ એક હાથ લાંબું અને સવા હાથ પહો[illegible]
[illegible].

મુહપત્તિ: મુહપત્તિ એટલે મુખવસ્ત્રિકા: મુખની આ[illegible]
[illegible]. સામાયિકમાં ઉચ્ચાર કરતી વખતે મુહપ[illegible]
[illegible] સામગ્રી. આથી જ્ઞાન, જ્ઞાની [illegible]
[illegible], અને આથી [illegible]
[illegible] મુહપત્તિનો [illegible]
[illegible]
[illegible] મુહપત્તિ [illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

[illegible]

"સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય પરિહરૂં." જમણે હાથે ખંખેરતાં બોલવું કે, "કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ, પરિહરૂં"

જમણા હાથમાં લઇ લેતાં બોલવું કે, "સુદેવ, સુગુરૂ, સુધર્મ આદરૂં" જમણા હાથથી દૂર કરતાં બોલવું કે, "કુદેવ કુગુરૂ, કુધર્મ પરિહરૂં"

ડાબે હાથે પડિલેહતાં બોલવું કે, "જ્ઞાન,દર્શન, ચારિત્ર, આદરૂં, જ્ઞાનવિરાધના, દર્શનવિરાધના, ચારિત્રવિરાધના પરિહરૂં, મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરૂં, મનદંડ, વચનદંડ, કાયદંડ, પરિહરૂં"

ડાબી ભૂજાએ પડિલેહતાં બોલવું કે. "હાસ્ય, રતિ, અરતિ પરિહરૂં." જમણી ભૂજાએ પડિલેહતાં બોલવું કે, "ભય, શોક, દુગંચ્છા પરિહરૂં." મસ્તકે પડિલેહતાં બોલવું કે, "કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા. કાપોતલેશ્યા, પરિહરૂં" મુખે પડિલેહતાં બોલવું કે, રસગારવ, ઋધ્ધિગારવ, શાતાગારવ, પરિહરૂં".

હૃદયે પડિલેહતાં બોલવું, કે "માયાશલ્ય, નિયાણુશલ્ય મિથ્યાત્વશલ્ય પરિહરૂં"

ડાબા ખભે પડિલેહતાં બોલવું કે,"ક્રોધ,માન પરિહરૂં, જમણે ખભે પડિલેહતાં બોલવું કે, "માયા, લોભ, પરિહરૂં, ડાબે પગે પડિલેહતાં બોલવું કે, "પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાયની જયણા કરૂં" જમણે પગે પડિલેહતાં બોલવું કે, "વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાયની જયણા કરૂં."

સામાયિક સમીક્ષા.

પ્ર૦ સામાયિક શબ્દના અર્થ જણાવો.

ઉ૦ (૧) સમ એટલે રાગદ્વેષના અભાવરૂપ આત્માના મધ્યસ્થ પરિણામ થતાં આય એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્રનો લાભ થવો તે સમાય અને તેને इक પ્રત્યય લાગતાં સામાયિક શબ્દ બને છે.

(૨) સાવદ્યયોગ [પાપવ્યાપાર] નો ત્યાગ અને નિરવદ્ય યોગનું સેવન કરવાનો જીવનો પરિણામ થાય ત્યારે સામાયિક કહેવાય છે.

(૩) સમ એટલે સરખું અર્થાત્ સર્વ જીવ સાથે મૈત્રીભાવ કરવો તે, તેનો લાભ થવો તે સામાયિક.

(૪) જે મોક્ષ પ્રાપ્ત કરવામાં જ્ઞાન, દર્શન અને ચારિત્રનું સરખું સામર્થ્ય પ્રાપ્ત કરાવે છે તે સામાયિક.

(૫) સંસારના સર્વ જાતના રાગદ્વેષથી ઉપજતા પરિતાપને શમાવી દઈ, શુદ્ધ જગ્યાએ બેસી, શુદ્ધ વસ્ત્ર પહેરી બે ઘડી સુધી સંસારનાં દરેક બંધન દૂર કરી, જ્ઞાન, ધ્યાન, અધ્યયન, જાપ, ધર્મકથા, વિગેરે પોતાના અધિકાર પ્રમાણે કરવું તે સામાયિક.

આમ સામાયિકના વિવિધ પ્રકારના અર્થ થાય છે. ટૂંકામાં કહીએ તો સામાયિક એ સમતાનું વાહક, સર્વપ્રાણીના ભાવનું પ્રેરક તથા જ્ઞાન, દર્શન અને ચારિત્રના સામર્થ્યનું ઉત્પાદક છે.

પ્ર૦ સામાયિક સૂત્રના પ્રણેતા કોણ છે ?

ઉ૦ સામાયિક સૂત્રના અર્થના પ્રરૂપક શ્રી તીર્થંકર પરમાત્મા છે અને તેની શબ્દરચના કરનાર શ્રી ગણધર મહારાજ છે, અર્થાત્ તે સર્વજ્ઞ કથિત છે.

પ્ર૦ સર્વજ્ઞ એટલે શું ?

ઉ૦ જેઓ ત્રિકાળદર્શી હોય તેઓજ સર્વજ્ઞ ગણાય અને તેઓજ લોકાલોકના ભાવને યથાસ્થિત-જેવા પોતાના જ્ઞાનમાં જુએ છે, તેવા જ પ્રરૂપે છે.

પ્ર૦ સામાયિકના પર્યાય શબ્દો અર્થ સાથે કહો.

ઉ૦ સામ, સમ, અને સામ્ય આ સામાયિકના પર્યાય શબ્દો છે.

(૧) સામ એટલે મધુર પરિણામ.

[૨] સમ એટલે ત્રાજવાં જેવા સમ પરિણામ, અને

(૩) સામ્ય એટલે ખીર અને ખાંડ મળી જાય તેવા સમ પરિણામ.

પ્ર૦ સામાયિક વ્રત એટલે શું ?

ઉ૦ આર્ત્ત અને રૌદ્રધ્યાનનો જેણે ત્યાગ કરેલો છે, તથા વચન અને શરીર સંબંધી પાપવ્યાપારનો ત્યાગ કરેલો છે, એવા મનુષ્યે એક મુહૂર્ત પર્યંત સમભાવમાં રહેવું તે સામાયિકવ્રત કહેવાય છે.

પ્ર૦ સામાયિક કરવાની શું જરૂર છે ?

સામાયિક સમીક્ષા.

પ્ર૦ સામાયિક શબ્દના અર્થ જણાવો.

ઉ૦ (૧) સમ એટલે રાગદ્વેષના અભાવરૂપ આત્માના મધ્યસ્થ પરિણામ થતાં આય એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્રનો લાભ થવો તે સમાય અને તેને ઇક પ્રત્યય લાગતાં સામાયિક શબ્દ બને છે.

(૨) સાવદ્યયોગ [પાપવ્યાપાર] નો ત્યાગ અને નિરવદ્ય યોગનું સેવન કરવાનો જીવનો પરિણામ થાય તે સામાયિક કહેવાય છે.

(૩) સમ એટલે સરખું અર્થાત્ સર્વ જીવ સાથે મૈત્રી કરવો તે, તેનો લાભ થવો તે સામાયિક.

(૪) જે મોક્ષ પ્રાપ્ત કરવામાં જ્ઞાન, દર્શન અને ચારિ સરખું સામર્થ્ય પ્રાપ્ત કરાવે છે તે સામાયિક.

(૫) સંસારના સર્વ જાતના રાગદ્વેષથી ઉપજતા પરિતા શમાવી દઇ, શુધ્ધ જગ્યાએ બેસી, શુધ્ધ વસ્ત્ર પહે બે ઘડી સુધી સંસારનાં દરેક બંધન દૂર કરી, જ્ઞા ધ્યાન, અધ્યયન, જાપ, ધર્મકથા, વિગેરે પોતા અધિકાર પ્રમાણે કરવું તે સામાયિક.

આમ સામાયિકના વિવિધ પ્રકારના અર્થ થાય છે ટૂંકામાં કહીએ તો સામાયિક એ શમતાનું વાક સરખાપણાના ભાવનું પ્રેરક તથા જ્ઞાન, દર્શન અને ચારિત્રના સામર્થ્યનું ઉત્પાદક છે.

વિષાદિ પાંચ પ્રકારના અનુષ્ઠાનોનું સ્વરૂપ શું? અને સામાયિકમાં શી રીતે યોજવા?

[૧] વિષાનુષ્ઠાન એટલે ધર્મકરણીના બદલામાં આ-ભવમાં અમુક લબ્ધિની અથવા શક્તિની પ્રાપ્તિ થાય અથવા કીર્તિ થાય એવી અપેક્ષાથી અનુષ્ટાન કરવાં તેને વિષાનુષ્ઠાન કહેવામાં આવે છે.

[૨] ગરલાનુષ્ઠાન એટલે ધર્મક્રિયાના બદલામાં પરલોકમાં દેવ-દેવેન્દ્ર, વિદ્યાધર, ચક્રવર્તિપણાનાં સુખની પ્રાપ્તિની ઇચ્છાથી જે અનુષ્ઠાન કરવામાં આવે તે. અર્થાત્ અમુક ક્રિયાના ફળ તરીકે એવી સંપત્તિ અથવા બીજું કાંઇ પણ પરલોકમાં પ્રાપ્ત કરવાનું નિયાણું કરવામાં આવે તેને ગરલ અનુષ્ઠાન કહેવામાં આવે છે.

વિષ તરતજ પ્રાણનો નાશ કરે છે અને ગરલ કાળાન્તરે પ્રાણનો નાશ કરે છે.

[૩] અનનુષ્ઠાન એટલે ઠેકાણા વગરનો પ્રાણી સન્નિ-પાતવાળાની જેમ વ્યગ્રચિત્તે અનુષ્ઠાન કરે તે.

[૪] સ્તુતિ, સ્તવન, ધ્યાન વગેરે પોતાથી બની શકે તેવાં અનુષ્ઠાનો પૂર્ણ રાગથી કરવામાં આવે તેને તદ્હેતુ અનુષ્ઠાન કહેવામાં આવે છે. આવાં અનુષ્ઠાનથી મુક્તિ ઉપર રાગ થાય છે અથવા મુક્તિનો અદ્વેષ થાય છે અને વિશિષ્ટ સદનુષ્ઠાન અમૃત

સમપરિણામી હોય, વળી માન તેમજ અપમાન કરવા-વાળા ઉપર પણ સમ પરિણામવાળો હોય વળી ત્રસ અને સ્થાવર જીવો પર પણ સમભાવ પરિણામી હોય એવા જીવને સામાયિક હોય તેવું કેવળી ભગવંત કહે છે.

પ્ર૦ શ્રીમન્મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે સવાસો ગાથાના સ્વકૃત સ્તવનમાં સામાયિકનો શો અર્થ કહેલો છે? અને તે શેમાં છે?

ઉ૦ **ભગવઇ અંગે ભાખીઓ, સામાયિક અર્થ,**
સામાયિક તે આત્મા, ધારો સુધો અર્થ ॥૧॥

સામાયિકનાં આઠ નામ અર્થ સાથે.

[૧] **સામાયિક** : સમભાવ રાખવો તે,
[૨] **સમયિક** : સર્વ જીવ પ્રત્યે દયાભાવ રાખવો તે.
[૩] **સમવાદ** : રાગ-દ્વેષ છોડીને યથાસ્થિત વચન બોલવું તે.
[૪] **સમાસ** : થોડાજ અર્થમાં તત્ત્વ જાણવું તે.
[૫] **સંક્ષેપ** : થોડાજ અક્ષરમાં કર્મ નાશ થાય એવી દ્વાદશાંગીનો ઘણો અર્થ કરવો તે.
[૬] **અનવદ્ય** : પાપ વગરનું આદરવું તે,
[૭] **પરીજ્ઞા** : તત્ત્વનું જાણપણું જે સામાયિકમાં હોય છે તે.
[૮] **પ્રત્યાખ્યાન** : નિષેધ કરેલી વસ્તુનો ત્યાગ કરવો તે.

આ આઠ પ્રકારના સામાયિકનાં નામ ઉપર આઠ ટુંકી કથાઓ નીચે મુજબ છે.

દમદંતમુનિની કથા.

(૧)

સમભાવ સામાયિક ઉપર

હર્ષપુર નામના નગરનો દમદંત નામનો એક રાજ
હતો, તે બહુ પરાક્રમી હતો. એકદા તે તેના મિત્ર જર
સંઘ રાજાને યુદ્ધમાં સહાય આપવા ગયો હતો, તે વખ
હસ્તિનાપુરના રાજા પાંડવ-કૌરવોએ એ હર્ષપુરને ઘે
ઘાલી જીતી લીધું. દમદંત રાજાને તે માલુમ પડયું. તેણે જોયુ
કે, આ લોકોએ મારી ગેરહાજરીનો લાભ લઇ મારૂં ગામ જી
લીધું છે, આથી તેણે લોકો સાથે લડાઈ કરી અને તે લડ
ઇમાં જય મેળવ્યો. આ દમદંત રાજા ત્યારબાદ સુ
રાજ્ય કરતો હતો, તે એકદા અગાશીમાં પોતે બેઠો હતે
અને આકાશને ચોમેર વાદળાંથી ઢંકાએલું જોયું અને ઘ
પછી પાછાં સઘળાં વાદળાં વિખરાઇ જતાં પણ જોય
આથી તે બુદ્ધિવાન રાજાને વિચાર થયો કે, આવાં મનોહ
વાદળાંને ઘડીભરમાં વિખરાતાં વાર ન લાગી તો પછી મા
આ સઘળી રાજ્યઋદ્ધિ, વૈભવો, રમણીય પદાર્થો વગેરે
વિખરાતાં શી વાર લાગવાની ? આ જગતમાં આમ સઘ
નાશવંત છે, તો પછી મારો પણ કેમ નાશ નહિ થાય
આ પ્રમાણે વિનાશી જગતની વસ્તુ સંબંધી વિચાર
તેનું મન આંતરદૃષ્ટિ તરફ વળ્યું, અને પોતાની ક્ષણ
કાયાનો ભરૂંસો નહિં પડવાથી પોતાનું રાજ્ય પોતાના

રાજ્યને સોંપી પોતે આત્મજ્ઞાનનો અનુભવ લેવા આ અસાર સંસારને તિલાંજલી આપી, પોતાનું રાજ્ય છોડી ચાલતો થયો; અને હસ્તિનાપુરની ભાગોળે આવી પહોંચી, શહેરની બહાર ભાંતરે કાઉસગ્ગ ધ્યાને ઊભો રહ્યો. કેટલાક વખત પછી પાંડવો આ બાજુ થઈને જતાં આ દમદંત રાજાને જોયો; અને તેને કાઉસગ્ગમાં ઉભેલા જોઈને બાહિક દેખાથી તેમણે તેની પ્રશંસા કરી અને અંતરથી તેમના મુનિપણાને તેમણે ધન્યવાદ આપ્યો, પછી તેઓ તેમની પ્રદક્ષિણા દઈ ભક્તિભાવે તેમની સ્તુતિ કરી પોતાના બગીચા તરફ ગયા. થોડા વખત પછી કૌરવો ત્યાં આવે છે, ત્યારે તે દમદંત મુનિને જુએ છે, અને વિચારે છે કે, આપણને હરાવનાર આ છે; તેથી ક્રોધાગ્નિના આવેશમાં આવી તેમના પર ઈંટ, પત્થર ફેંક્યા અને તેનાથી તે મુનિને દાટી દીધા. તે દુષ્ટોએ દુષ્ટની ફરજ બજાવી. જ્યારે પાંડવોએ પ્રદક્ષિણા કરી, ત્યારે આ કુબુદ્ધિઓએ આવું હેવાનીઅતભર્યું કામ કર્યું, છતાં તે મહામુનિરાજ પોતાના ધ્યાનથી ચળ્યા નહિ.

થોડા વખત પછી પાંડવો ત્યાં આગળ થઈને જવા ગયા ત્યારે તેમણે દમદંત મુનિને જોયા નહિ અને લાકડાં, ઈંટ તથા પત્થરનો ઢગલો જોયો; ત્યારે તેઓએ વિચાર્યું કે, આ કામ કૌરવો વિના બીજા કોઈનું હોય નહિ, જેથી તેમણે તે ઢગલો વિખેરી નાંખ્યો અને મુનિરાજને ત્યાં જેવા ધ્યાનસ્થ ઉભેલા જોયા હતા તેવાજ જોયા; આથી કૌરવો માટે તેમને ઘણો ખેદ થયો અને મુનિરાજની ધ્યાનસ્થ દશાનાં

દત્તે કહ્યું કે, એ કેવી રીતે જણાય ? ગુરૂએ કહ્યું કે, આજ[illegible]
સાતમે દિવસે ઘોડાના પગના દાબલાથી ઉડેલી વિષ્ટા ત[illegible]
મુખમાં પડશે અને પછી તું લોઢાની કોઠીમાં પુરાઈ[illegible]
આ અનુમાનથી તારી અવશ્ય નરકગતિ થવાની છે, એમ જાણું.

દત્તે કહ્યું કે, તમારી શી ગતિ થશે ? ગુરૂએ કહ્યું કે, અમે
ધર્મના પ્રભાવથી સ્વર્ગે જઈશું. આ પ્રમાણે સાંભળીને ક્રોધિ[illegible]
થયેલા દત્તે વિચાર કર્યો કે, જો સાત દિવસની અંદર આ
વાક્ય પ્રમાણે નહિ બને તો અવશ્ય હું એમને માર[illegible]
નાંખીશ, આમ વિચારી કાલિકાચાર્યની આસપાસ રાજસેવકોને
મૂકી પોતે નગરમાં આવ્યો, અને આખા શહેરના તમામ
રસ્તાઓમાંથી અપવિત્ર પદાર્થો કાઢી નંખાવી સાફ કરાવ[illegible]
અને સર્વ સ્થળે પુષ્પો વેરાવ્યા, પોતે અંતઃપુરમાંજ રહ્યો. આ
પ્રમાણે છ દિવસો વ્યતીત થયા પછી આઠમા દિવસની ભ્રાંતિથી
સાતમે દિવસે ક્રોધ યુક્ત બની ઘોડા ઉપર સ્વાર થઈ ગુરુ[illegible]
મારવા માટે ચાલ્યો, તેવામાં કોઈ એક વૃદ્ધ માળી હસ્ત મા[illegible]
[illegible]થી પીડા પામવાને લીધે રસ્તામાં વિષ્ટા કરી તેને પુષ્પો[illegible]
ઢાંકીને ચાલ્યો ગયો, તેના ઉપર દત્તરાજાના ઘોડાનો પગ
પડવાથી, તેથી વિષ્ટાનો અંશ ઉછળીને રાજાના મુખમાં પડ[illegible]
[illegible] ગુરુના વચન ઉપર વિશ્વાસ આવવાથી રાજા પાછો
[illegible] જાણીને જિતશત્રુ રાજાના સેવકોએ [illegible]
[illegible] જિતશત્રુને ગાદીએ બેસાડ્યો. પછી [illegible]
[illegible] વિચાર્યું કે, જો આ [illegible] [illegible] તો [illegible]

યાદ આવતી, તેથી તેને ઉપાડી જવાની તેની પ્રબળ ઇ[ચ્છા]
થઇ. તેણે પોતાના સાથીદારો–ચોરોને સમજાવ્યું [કે]
આપણે રાજગૃહી નગરીમાં ધનસાર્થવાહ શેઠને ત્યાં ધા[ડ]
પાડવા જવું છે, ત્યાંથી જે ધન આવે તે તમારે લેવું, અ[ને]
તેની પુત્રી સુષુમા તમારે મને આપવી. આવી શરત ક[રી]
અંધારી રાત્રે રાજગૃહી નગરીમાં પ્રવેશ કર્યો અને શેઠનું [illegible]
લુંટયું અને શેઠની છોકરી સુષુમાને ભરવાડ બકરું ઉપાડે [તેમ]
ઉપાડી, તે ચોરો ચાલતા થયા. આથી રાજદરબારમાં બ[ૂમ]
પડી. નગરના કોટવાળ વિગેરે પ્રથમ ચિલાતીપુત્રના દુષ્ટ[illegible]
કંટાળી ગયા હતા, તેથી તેમણે તે ચોરોની પુંઠ પક[ડી.]
કેટલેક દૂર જતાં ચોરો તથા તેના નાયકને જોયા, તેથી ચો[રો]
ધનમાલ નાંખી દેઈ ઝાડીમાં ભરાઈ ગયા. ચિલાતીપુત્રની પ[ાછળ]
શેઠ અને તેના પુત્રો પડયા હતા. ચિલાતીપુત્રની છેક નજી[ક]
તેઓ આવી જતાં ચિલાતીપુત્રે વિચાર્યું કે, હવે હું પકડાઈ જ[ઈશ]
તેથી સુષુમાનું મસ્તક છેદી ધડ નાંખી દોડવા માં[ડયું.]
શેઠ અને તેના પુત્રોના હાથમાં સુષુમાનું ધડ આવ્યું. [illegible]
[illegible] બાદ તેમણે પૂઠ પકડી હતી, તે તેમની દીકરી
[illegible] પછી [illegible] પાછા ફર્યા અને તેને [illegible]
[illegible] અગ્નિસંસ્કાર દીધો. ચિલાતીપુત્ર કે જેના એક [illegible]
[illegible] અને બીજા હાથમાં સુષુમાનું માથું છે, [illegible]
[illegible] એક [illegible] ઉપર આવ્યો. [illegible]
[illegible]
[illegible] મુનિને [illegible]

(૫)

સંક્ષેપ સામાયિક ઉપર

જિતશત્રુરાજાની કથા.

(શબ્દ થોડા અર્થ ઘણા)

વસંતપુર નગરનો જિતશત્રુ રાજા હતો. તે વૃદ્ધ [illegible] તેને પોતાનું સાધી લેવા ધર્મધ્યાન કરવા તરફ અભિરુચિ પ્રકટ થઈ જીવનમાં તેને ઘણા છળ ભેદ અને રાજ્યપ્રપંચ કરેલા પણ અંતે પુણ્યયોગે ધર્મ માર્ગ તરફ તેની વૃત્તિ ગઈ અને વિચાર કર્યો કે હવે હું એવું શું કામ કરૂં કે મારા જીવનની [illegible] ઘડી સફળ થાય. આથી તેણે શાસ્ત્રવેત્તાઓની સભા [illegible] ભરી તેમાં એક શાસ્ત્રવેત્તાએ કહ્યું કે 'સાહેબ ! શા માટે આપ આટલી બધી ચિંતા કરો છો ? આપણે ત્યાં [illegible] છે. તે એક પછી એક આપને વાંચી બતાવીશું [illegible] કહ્યું કે હવે મારી આ છેલ્લી ઘડીમાં મારે [illegible] ક્યાંથી કાઢવો કે જેથી હું તે જ્ઞાનના [illegible] એક સાંભળું ! મને તો એવો રસ્તો બતાવો [illegible] સંક્ષેપે જ્ઞાનનો બોધ થાય અને [illegible] કરી શકું.

[illegible] પંડિતો એકઠા [illegible]

[illegible] સ્વરૂપ પોતાના જ્ઞાનમાં જે રહ્યા છે. તેમનું "ત્રિપદી" [illegible] ઉચ્ચારી થોડા જ શબ્દોમાં સકળ શાસ્ત્રનાં રહસ્યોને તેમાં ઠાંસીને ભર્યાં છે. ગણધર મહારાજાઓએ આ ત્રિપદી સિદ્ધાંતમાંથી દ્વાદશાંગીની રચના કરી છે. આથી જગતમાં શ્રી જિનેશ્વર પ્રભુની વાણી સંક્ષેપમાં હોવા છતાં તેમ ગંભીર અર્થો ગુંથ્યા છે. માટે આત્માર્થી જનોએ જિતશત્રુ રાજાની પેઠે, થોડામાં ઘણું જાણવાની અભિલાષાવાળાઓએ અવશ્ય શ્રી જિનેશ્વરની વાણીનું શ્રવણ-મનન કરવું તેજ તેમના આત્મકલ્યાણનું સાધન છે.

ત્રિપદીનો સિધ્ધાંત એ છે કે ઉત્પાદ, વ્યય અને ધ્રુવે **કરીને વસ્તુ માત્ર સત્ છે.** આમાંથી સંસારની અસારતાનું અને આત્માના અમરપણાનું બહુ સુંદર જ્ઞાન થાય છે. તેની અંદર ઘણાં શાસ્ત્રોનો સાર ગર્ભિત રહેલો છે. જિતશત્રુ રાજાને આ પરમ સકળ શાસ્ત્રસંપન્ન સિદ્ધાંતથી થોડા શબ્દોમાં આત્મજ્ઞાન પરિણમ્યું.

(૬)

અનવદ્ય-સામાયિક ઉપર
ધર્મરૂચિમુનિની કથા.

ચંપા નામની નગરીમાં ધર્મરુચિ મુનિના, તેમની ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધાને લીધે ગુણ ગાન ગવાઈ રહ્યા હતા.

મહિનાસરના ઉપવાસને અંતે મધ્યાન્હ સમયે લોકો
જમી પરવાર્યા હશે, એમ ધારી શહેરમાં ગોચરીએ નીક-
ળ્યા. એ જ ગામમાં વેદ-ધર્માનુયાયી ત્રણ બ્રાહ્મણ
ભાઈઓ રહેતા હતા, તેઓ માલદાર હતા. તેમજ તે ત્રણે
ભાઈઓ વચ્ચે રાગ સારો હતો, અને તે દરરોજ હંમેશ
એકને ઘેર જ જમતાં વારાફરતી એક બીજા ભાઈને ત્યાં
જમતા હતા. એક વખત સોમભાઈને ત્યાં બીજા ભાઈઓનો
જમવાનો વારો આવ્યો. સોમભાઈની સ્ત્રીનું નામ નાગશ્રી
હતું. તેનાથી તે દિવસે ભૂલથી કડવી તુંબડીનું શાક રંધાઈ
ગયું, પરંતુ જમી રહીને તેને નાંખી દઈશ એવો વિચાર
કરી, એક બાજુ તેણીએ તેને ઢાંકી મૂકેલ. મુનિરાજને જૈન
જૈનેતરનો ભેદ ન હતો, તેથી સીધા તેઓ નાગશ્રીને
ત્યાં ગોચરીએ ગયા. મુનિરાજને આવેલા જોઈ નાગશ્રીએ
તેમની આહાર સામગ્રી વહોરાવી. પરંતુ ભૂલથી કડવી તુંબ-
ડીનું શાક તેમને વહોરાવાઈ ગયું, તેની તેને ખબર ન રહી.
મુનિરાજે ગોચરીથી પાછા ફરી જે વસ્તુ ગોચરીમાં મળી
હતી, તે સર્વ આચાર્ય ધર્મઘોષને બતાવી. આચાર્યે શાક
જોઈને તરત કહ્યું–"આ શાક તો કડવી તુંબડીનું છે,
એટલે એ વિષપ્રાયઃ છે, માટે કોઈ નિર્દોષ સ્થળે જઈને તેને
પરઠવી દો. મહિનાના ઉપવાસી મુનિરાજ શાક પરઠવવાને
માટે નગર બહાર ગયા. નિર્દોષ જગ્યા શોધી કાઢી ત્યાં
પાત્ર મૂક્યું, પણ પાત્રને મૂકતાં ત્યાં શાકના બે ત્રણ
છાંટા જમીન ઉપર પડયા; તેથી ત્યાં કીડીઓ ઉભરા

આવી, અને તે ખાતાં વેંત તે તમામ કીડીઓ તરફ
મરણ પામી, આ જોઇને પરઠવવાની તેમની હિંમત ચ
નહિ. તેમણે વિચાર કર્યો કે, આ બે-ત્રણ છાંટા પ
જ્યારે આટલી બધી કીડીઓ મરી ગઈ, તો પછી
શાક પરઠવતાં તો કેટલો અનર્થ થાય? આ વિચારે તે
ખૂબ મુંઝાયા. વિચાર કરતાં—કરતાં તેમને લાગ્યું
**" આ બિચારી કીડીઓ તેઇન્દ્રિય છે, મને વિચ
કરવાની પણ શકિત છે, ત્યારે જો હું આ શા
અહીં પરઠવું તો તેના સ્વાદથી કેટલા બધા જી
મરણ પામે અને તે મરતાં-મરતાં ય રૌદ્રધ્યાન
આર્તધ્યાન કરતાં મરણ પામે એટલે તેઓ આથ
પણ વધારે નીચી ગતિમાં જાય, વળી મેં જ્યારથ
દીક્ષા અંગીકાર કરી છે, ત્યારથી બધા જીવોન
સાથે મારે સમભાવ છે, માટે આ શાક મારે જ
ખાઈને પ્રાણાંત કષ્ટ સહન કરી લેવું યોગ્ય છે."**
આમ વિચારતાં તેઓએ શાક ખાઈ લીધું, અને તેના
ઝેરની અસર તત્કાળ તેમની રગેરગમાં પ્રસરી ગઇ, છતાં
મુનિરાજે વહોરાવનાર પર ન કર્યો દ્વેષ કે ન કર્યો ક્રોધ.
તેઓ તો સમભાવે શુકલધ્યાને ચડતાં અશુભ કર્મોનો
નાશ કરી ઉચ્ચગતિને વર્યા. હવે અહીં નાગશ્રીને
ખબર પડી કે, પોતાની ભૂલથી કડવી તુંબડીનું
શાક મુનિને વહોરાવાઇ ગયું છે; કે તરત રખેને મહારાજ
ભૂલથી તે શાક ખાઇ ન જાય, એવી બીકથી ઉતાવળી-ઉતા-

(૭)

પરિજ્ઞા સામાયિક ઉપર

ધનદત્ત નામના શેઠની કથા

ઈલાવર્ધન નામનું એક નગર હતું. ત્યાં ધનદત્ત નામ એક શેઠ રહેતો હતો. તેની સ્ત્રીનું નામ ધનવતી હતું. તે શે વૃદ્ધ થવા છતાં તેને પુત્રનું સુખ નહિં હોવાથી શેઠ-શેઠા બન્ને ખિન્ન રહેવા લાગ્યાં, કોઇ નિમિત્તિઆના કહેવાથી શેઠ ઇલાદેવીની ઉપાસના કરવા લાગ્યા, અને ઘોર તપશ્ચર્યાન પ્રભાવે દેવીની ઉપાસનાથી તેમને એક રૂપવાન પુત્ર પ્રાપ્ત થયો. તે ઇલાદેવીના પ્રભાવનું ફળ હોવાથી તે પુત્રનું નામ ઈલાચિપુત્ર પાડયું. તે ઇલાચિપુત્ર સોળ વરસની ઉમ્મરનો હતો તે વખતે તેના મિત્ર સાથે તે ફરવા નિકળ્યો. રસ્તામાં નટનું નાટક થતું હતું, તેથી નાટક જોવા બન્ને મિત્રો ઉભા રહ્યા. નાટક જોતાં-જોતાં નટની પુત્રી જે ઢોલક વગાડતી હતી તેના ઉપર ઇલાચીપુત્રની દૃષ્ટિ પડી અને તેના રૂપ ઉપર અત્યંત મોહિત થયો, તેની વૃત્તિ તેની સાથે લગ્ન કરવાની થઇ. ઘેર આવી તે બહુ રીસાયો, તેના બાપે તેનું રીસાવાનું કારણ પૂછયું, પરંતુ તેણે તે ન જણા વ્યું. તેના મિત્રને બોલાવી તેના બાપે રીસાયાનું કારણ પૂછયું. તેથી તેના મિત્રે સઘળો વૃત્તાંત કહ્યો. તેના મા-બાપે તેને કોઈ સારી કુલવતી રૂપવાન કન્યા પરણાવવા કહ્યું, પરંતુ

આરોહણ કર્યું અને ખેલનો પ્રારંભ કર્યો, પણ એટલામાં જ વાંસ ઉપરથી તેની દૃષ્ટિ શેરીની એક હવેલી કે જેમાં કોઇ શેઠની અત્યંત રૂપવંતી શેઠાણી મુનિરાજને મોદક વહોરાવતી હતી, તેના ઉપર પડી. ઇલાચી આ રૂપની સાથે નટપુત્રીના રૂપની તુલના કરવા લાગ્યો, તો જણાયું કે આ તો હંસણીની પાસે કાગડી જેવી છે, તેના ઉપર મને શા માટે મોહ થયો ? પરંતુ મુનિરાજ આ રૂપના અંબાર જેવી મોદક વહોરાવતી સ્ત્રી ઉપર નજર પણ ન નાખતાં નીચે મુખે મોદક વહોરતા હતા; એટલે ઈલાચીને વિચારણા ઉદ્‌ભવી કે, આ મુનિરાજના હૃદયમાં એવું તે કયું સૌંદર્ય હશે કે તે સ્ત્રીના ઉપર તેમની નજર પણ પડતી નથી. આમ વિચારણા કરતાં **અંતર્મુખ વૃત્તિ ઉત્પન્ન થઈ, મોહનો અંધારો પડદો દૂર થયો, અને આત્માનું ભાન થયું કે ત્રણલોકમાં સુંદરમાં સુંદર વસ્તુ હોય તો તે આત્મા છે, ખરૂં સૌંદર્ય તો આત્માનું જ.** આમ આત્મામાં સ્થિર થતાં તેને વાંસની ઉપર કેવળજ્ઞાન પ્રગટયું. આ કેવળજ્ઞાન જ્યોતિથી તેને જણાયું કે રાજાને પણ નટપુત્રીના પૌદ્‌ગલિક રૂપ ઉપર મોહ થયો છે, આ હકીકત જ્યારે રાજા ને રાણીના જાણવામાં આવી ત્યારે તેમને પણ મોહ ઉપર તિરસ્કાર છુટયો અને આંતરદૃષ્ટિ કરતાં તેઓ ઉભયને પણ કેવળજ્ઞાન થયું.

માટે એવું કંઇ ચૂર્ણ, મંત્ર, કામણ કે વશીકરણ
ા, કે જેનાથી હું ફરીવાર તેને ઇષ્ટ થાઉં." આ વાત
ળીને પોતાના બન્ને કાન દાબીને તે આર્યાઓ બોલી,
દેવાનુપ્રિયે ! અમે તો શ્રમણ નિગ્રંથીઓ તથા
ચારિણીઓ છીએ. તારૂં આવું કથન તો અમારાથી
ળી પણ ન શકાય. પણ જો તારી ઈચ્છા હોય તો
ે તને કેવલીએ જણાવેલા ધર્મનો ઉપદેશ કરીએ, કે
ાથી તને આ સંસારનાં સુખ કરતાં અનન્તગણું સુખ
મ થાય. પોટિલાએ તેમ કરવાની ઇચ્છા જણાવતાં તે
મણીઓએ તેને શ્રમણોપાસિકાનો ધર્મ કહી સંભળાવ્યો.
ાટિલાએ તેને સમજીને તેનો સ્વીકાર કર્યો. હવે શ્રાવિકા-
ર્મને પાળતી પોટિલા કોઇ સંત કે સતી પોતાને ત્યાં
માવી ચડે તો ખૂબ આદરથી યોગ્ય ભિક્ષા આપતી, સુખેથી
હે છે. એકવાર પોટિલાને વિચાર આવ્યો કે, હું મારા
ચિત્તની શુદ્ધિ માટે હંમેશાં તે સુવ્રતા આર્યા પાસે રહું તો
ઠીક, તે માટે તે અમાત્ય તેતલિપુત્રની અનુમતિ લેવા ગઇ.
અમાત્યે કહ્યું કે, તું આર્યાઓની અંતેવાસિની થયા બાદ
જ્યારે કાળ કરીશ ત્યારે જરૂર કોઇ સદ્ગતિમાં જઇશ,
ત્યાંથી તું આવીને મને બોધ આપવાની કબૂલાત આપે તો
હું તને આર્યાઓની અંતેવાસિની થવાની રજા આપું." પોટિ-
લાએ તેની તે વાત સ્વીકારી. ત્યારબાદ અમાત્ય અને પો-
ટિલા બન્ને સુવ્રતા આર્યા પાસે ગયાં. પોટિલાને આગળ
કરીને અમાત્યે તે આર્યાને કહ્યું કે, હે! દેવાનુપ્રિયે!

એકે સંતાનને ગાદીનો વારસ નહીં થવા દે. તેથી તે રાણીએ અમાત્ય સાથે મળીને પોતાને હવે થનારા પુત્રને બચાવી લેવાની ગોઠવણ કરી. યોગ્ય વખતે રાણીને પુત્ર થયો. અગાઉથી ગોઠવ્યા મુજબ તે પુત્રને પોતાની ધાત્રીદ્વારા અમાત્યને ત્યાં છુપી રીતે મોકલી આપ્યો. તે વખતે પોટિલાએ એક મરેલી છોકરીને જન્મ આપ્યો હતો. તે છોકરીને છોકરાને સ્થાને રાણી પાસે મૂકવામાં આવી હતી. રાણીને પ્રસવ થયો છે, એવું જાણતાં જ રાજા તેની પાસે આવ્યો પણ મુએલી છોકરીને જોઇને રાજા ત્યાંથી ચાલ્યો ગયો. હવે પેલો રાજપુત્ર અમાત્યને ત્યાં મોટો થવા લાગ્યો. તેનું નામ મોટી ધામધુમ સાથે કનકધ્વજ રાખવામાં આવ્યું. વખત જતાં અમાત્યને પોટીલા ઉપર અભાવ થયો, તેથી તે ઘણી ખિન્ન થઇ પણ અમાત્યે તેના ખેદનું નિવારણ કરતાં કહ્યું કે, "હે! દેવાનુપ્રિયે! તારે ખેદ કરવાનું કારણ નથી. તું મારા રસોડામાં આવતા તમામ શ્રમણો, બ્રાહ્મણો અને ઇતર માંગણોને દાન દીધા કર."

ત્યારથી પોટિલા તે પ્રમાણે કરતી સુખે દિવસો નિર્ગમન કરતી હતી. એવામાં વખત જતાં સુવ્રતા નામની એક ચારિત્રી આર્યા જે બહુશ્રુત હતી, તે ગામોગામ ફરતી ફરતી ત્યાં આવી. તે આર્યાનો એક સંઘાડો ભિક્ષા અર્થે તે અમાત્યના ઘરમાં આવ્યો. પોટિલાએ તેને ઘણા આદર સહિત ભિક્ષા આપી અને વિનંતિ કરી કે, "હે આર્યાજી! હું પહેલાં અમાત્યને ઇષ્ટ હતી પણ હવે હું તેને અનિષ્ટ

માટે એવું કંઇ ચૂર્ણ, મંત્ર, કામણ કે વશીકરણ
ા, કે જેનાથી હું ફરીવાર તેને ઇષ્ટ થાઉં." આ વાત
ાંભળીને પોતાના બન્ને કાન દાબીને તે આર્યાઓ બોલી,
દેવાનુપ્રિયે ! અમે તો શ્રમણ નિગ્રંથીઓ તથા
બ્રહ્મચારિણીઓ છીએ. તારૂં આવું કથન તો અમારાથી
સાંભળી પણ ન શકાય. પણ જો તારી ઇચ્છા હોય તો
અમે તને કેવલીએ જણાવેલા ધર્મનો ઉપદેશ કરીએ, કે
જેનાથી તને આ સંસારનાં સુખ કરતાં અનન્તગણું સુખ
પ્રાપ્ત થાય. પોટિલાએ તેમ કરવાની ઇચ્છા જણાવતાં તે
શ્રમણીઓએ તેને શ્રમણોપાસિકાનો ધર્મ કહી સંભળાવ્યો.
પોટિલાએ તેને સમજીને તેનો સ્વીકાર કર્યો. હવે શ્રાવિકા-
ધર્મને પાળતી પોટિલા કોઇ સંત કે સતી પોતાને ત્યાં
આવી ચડે તો ખૂબ આદરથી યોગ્ય ભિક્ષા આપતી, સુખેથી
રહે છે. એકવાર પોટિલાને વિચાર આવ્યો કે, હું મારા
ચિત્તની શુદ્ધિ માટે હંમેશાં તે સુવ્રતા આર્યા પાસે રહું તો
ઠીક, તે માટે તે અમાત્ય તેતલિપુત્રની અનુમતિ લેવા ગઇ.
અમાત્યે કહ્યું કે, તું આર્યાઓની અંતેવાસિની થયા બાદ
જ્યારે કાળ કરીશ ત્યારે જરૂર કોઇ સદ્‌ગતિમાં જઇશ,
ત્યાંથી તું આવીને મને બોધ આપવાની કબૂલાત આપે તો
હું તને આર્યાઓની અંતેવાસિની થવાની રજા આપું.' પોટિ-
લાએ તેની તે વાત સ્વીકારી. ત્યારબાદ અમાત્ય અને પો-
ટિલા બન્ને સુવ્રતા આર્યા પાસે ગયાં. પોટિલાને આગળ
કરીને અમાત્યે તે આર્યાને કહ્યું કે, 'હે! દેવાનુપ્રિયે! આ

પોટ્ટિલા મારી સ્ત્રી છે, તે પોતાની ચિત્તશુદ્ધિ માટે તમ
સહવાસિની થવા ઇચ્છે છે તો હું તમને આ શિષ્યાની ભિ
આપું છું. તમો તેનો સ્વીકાર કરો'. આર્યાએ તેને સ્વીક
તથા પ્રવ્રજિત કરીને પોતાના સંઘમાં રાખી. તે પોટ્ટિ
અગિયાર અંગોને ભણી તથા ઉગ્ર તપ તથા સંયમ આ
રતી–આચરતી વિશિષ્ટ ચિત્તશુદ્ધિ સાથે રહેવા લા

વખત જતાં મૃત્યુ સમય નજીક આવ્યો જાણીને
તપ તથા સંયમમાં વધારે ઉદ્યમી થઈ, છેવટે કાળ કરી
તે દેવ ગતિમાં ઉત્પન્ન થઈ.

રાજા કનકરથ અવસાન પામ્યો. પ્રજાએ તેની પાછ
લૌકિક કાર્ય કરીને તેને સ્થાને હવે ગાદી કોને આપવી,
વિષેનો વિચાર અમાત્ય પાસે મુકયો. અમાત્યે પોતાને ત્યાં રહે
રાજપુત્ર કનકધ્વજનો નિર્દેશ કર્યો અને પોતાને ત્યાં
રાખેલો તે બધું વિગતવાર કહી સંભળાવ્યું. કનકધ્વજ
રાજ્યાભિષેક થયો. કનકધ્વજની માતા પદ્માવતીએ તેને
કે, હવે તારે આ અમાત્યને પિતા તરીકે સમજવાના
તેમના પ્રતાપથી જ તું આ સિંહાસન પર આવી શક
છે. હવે કનકધ્વજ અમાત્ય તેતલિપુત્ર ઉપર બહુ પ્રી
રાખીને પોતાનો રાજ્યકારભાર ચલાવે છે. પોટ્ટિલાને દેવ
ગતિમાં ગયા બાદ પોતે અમાત્ય સાથે કરેલી વાત ય
આવી. તેણે અનેક પ્રકારે અમાત્યને ધર્મબોધ કરવાનો પ્ર
યત્ન કર્યો, પણ તેની સુખશીલતાને કારણે તેને સમજા

પાયો કરવામાં આવે છે, ત્યારે જ તે દોષ બરાબર નિર્મૂલ થાય છે. આવા આશયથીજ સામાયિકમાં ઉપસ્થિત થતા દોષોનું નિવારણ કરવા આ વિચારશ્રેણિ યોજવામાં આવે છે.

કેટલીક ભાવનાઓ એવી વિશાળ હોય છે કે, તેમાં એક કે અધિક દોષોનું નિવારણ થઇ શકે છે, તો પણ સૂક્ષ્મદ્રષ્ટિથી અવલોકન કરતાં માલુમ પડશે કે, પ્રત્યેક દોષમાં કંઇ ને કંઇ જુદી અર્થ-વિચારશ્રેણિ રહેલી છે, અને તેથી તેને અનુરૂપ જો વિચારશ્રેણિ યોજવામાં આવે તો ઇચ્છિત હેતુ સાંગોપાંગ પાર પાડી શકાય. દરેક દોષની જુદી જુદી વિચારણા કરવાથી સામાયિકના પ્રત્યેક દોષ ટાળવામાં સાનુકૂળતા થાય. અહિં માત્ર રૂપરેખાજ દોરવામાં આવી છે, તેના ઉપરથી વિશેષ વિચાર કરનારને તે પુરો અવકાશ આપે તેમ છે, માટે સુમુક્ષુઓ તેના ઉપર જેમ જેમ અધિક વિચાર કરશે, તેમ તેમ અધિક અજવાળું પડશે, એ નિઃશંક વાત છે. સામાયિકમાં મનના દશ, વચનના દશ અને કાયાના બાર મળી એકંદર જે બત્રીશ દોષો થાય છે, તે ટાળવાને માટે અનુક્રમે દોષ નિવારકશ્રેણિ નીચે મુજબ છે.

મનના દશ દોષો.

૧ સમભાવના: જીવનમાં જ્યારે સમભાવના જાગે છે, ત્યારેજ રાગ-દ્વેષની પરિણુતિ ટળે છે. રાગી યા દ્વેષી, [illegible] યા વૈરી, શત્રુ યા મિત્ર, આ બધા ઉપર જ્યારે

ભાવના પ્રગટે છે, ત્યારે જ સમાનભાવ થાય છે. સામાયિકનો હેતુ પણ સમભાવ પ્રાપ્ત કરવા માટે છે. શત્રુને કોઈ [illegible] પર દ્વેષ કરવાની ભાવના સમભાવનાના અભાવે થાય છે. તે તે દોષ દૂર કરવા સમભાવની ભાવના ભાવવી.

૨. **સદ્બુદ્ધિ ભાવના:** સદ્બુદ્ધિ જ સારૂં-નરસું પારખી શકે છે, તેમજ સાર-અસાર સમજી શકે છે, તેથી વિવેક મર્યાદા જળવાય છે, દુર્બુદ્ધિને તેવું ભાન હોતું નથી. આ વિવેકવાંચ્છક જીવે સદ્બુદ્ધિભાવના ભાવવી, અવિવેક એ દુર્બુદ્ધિનું લક્ષણ છે, એથી સામાયિકની અંદર વિવેકવૃત્તિ જાગવી [illegible]

૩. **આત્મભાવના:** જેઓ આત્માર્થી છે, તેમને તત્ત્વનો વિચાર આવે છે. પરાશ્રયી એટલે પુદ્ગલાશ્રયીને આત્મિક વિચાર આવતો નથી. સામાયિકનો ઉદ્દેશ પણ આત્મભાવ જાગૃત કરવાનો છે, જેથી તત્ત્વના અભિલાષીએ આત્મભાવના ભાવવી.

૪. **ચિદાનન્દી:** હે જીવ ! તું ચિદાનન્દી છે, આનંદ [illegible] છે તો પછી મનમાં ઉદ્વેગ શા માટે ધરે છે ! [illegible] પરાયાં છે, તે તારૂં પોતાનું નથી, [illegible] છે, તે આનંદઘન [આનંદના [illegible] [illegible]

૫. **નિષ્કામભાવના:** નિષ્કામભાવનાવાળા યશના લોલુપા
તા નથી, માન યા યશની વાંચ્છા સકામીને હોય છે;
ણ કે તે સાંસારિક વાસનાના હેતુભૂત છે. નિષ્કામીને
ી ભાવના હોતી નથી, અને સામાયિકનો હેતુ પણ
નેષ્કામ ભાવના જાગૃત કરવાનો છે, માટે જેમને યશની વાંચ્છા
ાય તેમને નિષ્કામ ભાવના ભાવવી, જેથી તે દોષ ટળી જશે.

૬. **ગુરૂપ્રતિ બહુમાન:** જ્ઞાન એ ગુરૂ આધીન છે
અને તે વિનયથીજ પ્રાપ્ત થઇ શકે છે. કોઇ કાળે વિનય
વિના સદ્‌વિદ્યા પ્રાપ્ત થતી નથી. સામાયિક કરતી વખતે
સ્થાપનાચાર્યજી એ ગુરૂની જગ્યાએ છે, તેમનો કદિપણ
અવિનય નથાય તે માટે ધ્યાન રાખવું જોઇએ. અવિનય એ
અજ્ઞાનનું કારણ છે, માટે વિનયવૃત્તિ જાળવવા હંમેશાં ગુરૂ
તરફ બહુમાન રાખવું.

૭. **અડગ નિશ્ચયી:** આત્મા અનંતજ્ઞાનમય છે, તેનો
કોઈ પરાજય કરી શકે તેમ નથી. आत्मा न भेद्यते न छेद्यते
આત્મા કોઈથી ભેદાતો નથી તેમજ છેદાતો નથી. ગમે તેવે ।
ભય, દૃષ્ટિ સન્મુખ હોય તો પણ જે પર્વતની માફક અડગ
અને નિશ્ચલ રહે છે, તેને કોઇ પણ વસ્તુ ચલિત કરી શકતી
નથી. ભય પુદ્‌ગલને હોય છે, આત્માને હોતો નથી તે તો
...માં અભય છે, વળી દેહવિનાશી અને આત્મા અવિનાશી છે,
[illegible] શકી છે ...તે

૮. **નિર્લોભી ભાવના:** લોભાદિ વૃત્તિનો દોષ સામાયિકમાં ટાળવાનો છે, કારણ કે તે સાંસારિક વાસનાનું બીજ છે, તેનાથી ભવની પરંપરા વધે છે, લોભવૃત્તિને નિર્મૂલ કરવા વ્યાપાર ચિન્તવવાનો દોષ સામાયિકમાં ટાળવો જોઇએ. વ્યાપારવૃત્તિનો લોભ એ લોભવૃત્તિનું મૂળ છે, જેમને વ્યાપાર ચિંતવવાની ટેવ પડી હોય, તેમને તે દોષ ટાળવા માટે નિર્લોભી ભાવનાનું સેવન કરવું.

૯. **દર્શનપ્રેમ:** દર્શન એ જ શ્રદ્ધાનું મૂળ છે, અને શ્રદ્ધાના ફળના સંદેહને મટાડનાર છે. શ્રદ્ધાથીજ જિનેશ્વર પ્રભુના વચનમાં પ્રીતિ થાય છે. શ્રદ્ધાવાનને તીર્થંકરે કહેલા વચનમાં શંકા થતી નથી, માટે ફળનો સંદેહ કરવાની વૃત્તિવાળાએ જિનદર્શન પ્રત્યે પ્રેમ કરવો. દર્શન પ્રેમથી ફળનો સંદેહ નિર્મૂળ થશે અને તે દોષ ટળી જશે.

૧૦. **નિષ્કામ ભાવના:**–જેઓની ભક્તિ તદ્દન નિષ્કામ છે, તેઓને કદિ પણ ફળની ઇચ્છા થતી નથી. સકામ ભાવનાથી પુણ્ય પ્રકૃતિ બંધાય છે. જ્ઞાની મહારાજાએ પાપને લોખંડની બેડી સમાન ગણ્યું છે, તેમ પુણ્યને સોનાની બેડી સમાન માન્યું છે. પુણ્યનાં ફળ ભોગવવા માટે પણ ભવ કરવા પડે છે. આ પ્રમાણે સકામવૃત્તિથી ભવની પરંપરા વધે છે. સામાયિકનો ઉદ્દેશ ભવનો વિચ્છેદ કરવાનો છે, માટે સામાયિકની અંદર નિદાન નિયાણું કરવું નહિ, એટલે ફળની ઇચ્છા રાખી ધર્મ ક્રિયા કરવી નહિ, પરંતુ તદ્દન નિષ્કામવૃત્તિથી કરવી

ા ચિમપણે આત્માનું સાર્થક થાય. ફળની ઇચ્છા રાખ-
ા તેની મર્યાદા બંધાઇ જતી હોવાથી ફળની ઇચ્છા ન
ાવી, તે વધારે લાભદાયી છે. નિયાણું બાંધવાની વૃત્તિ-
ાએ નિષ્કામવૃત્તિ ખીલવવી, જેથી તે દોષ ટળી જશે.

વચનના દશ દોષ.

૧ **વચનશુદ્ધિઃ** ખરાબ વચન બોલવાં એ વચનના દોષમાંનો
ામ દોષ છે. હંમેશા શુધ્ધતાથીજ અશુદ્ધતા જીતાય છે, માટે
ાચન બોલનારે સુવચન બોલવાની અથવા વચનશુધ્ધિની ભાવના
ચારવાની જરૂર છે. ખરાબ વચન બોલવાથી સાવદ્ય વ્યાપાર થાય
કોઇ પણ જાતનો સાવદ્ય વ્યાપાર નહિ કરવા 'કરેમિભંતે
ત' ઉચ્ચારી સામાયિકમાં ગુરૂ સન્મુખ પ્રતિજ્ઞા કરી છે, માટે
ાબ વચન બોલનારે સામાયિકમાં હંમેશા વચનશુદ્ધિ કર-
ાની ટેવ રાખવી.

૨ **આત્મવત્ સર્વભૂતેષુઃ**-સર્વ આત્માઓ પોતાના
ાત્મા સમાન છે. કોઇને હલકો ગણી તુચ્છકારી કાઢવાની,
ાઇને હુંકારા-તુંકારા કરી હલકો પાડવાની ટેવ સ્વાભાવિક
ીતે પણ તજવા જેવી છે, તો પછી સામાયિક વ્રતમાં અવશ્ય
ાજવી જોઈએ. કોઈનું દિલ દુઃખાવવાથી હિંસાનો દોષ લાગે
ે અને હિંસાનો તદ્દન ત્યાગ કરવાનો ઉદ્દેશ સામાયિકનો છે,
માટે હુંકાર-તુંકારા કરવાની ટેવવાળાએ આત્મવત્ સર્વભૂતેષુ
એ ભાવના ભાવવી, જેથી તે દોષ ટળી જશે.

૩ **સૂત્રાનુસારી ઉપદેશ ભાવના:**-ઉત્સૂત્રભાષી ઘ બહુલ સંસારી બને છે અને પાપકાર્યોનો ઉપદેશ આપવે ઉત્સૂત્રપ્રરૂપણા કરવા જેવું છે, માટે તેવા પાપકર્મોનો દેશ આપનારે સૂત્રાનુસારી વાણી બોલવાની ટેવ રાખવી, તે દોષ ટળી જશે.

૪ **ઉપયોગ:**-ઉપયોગ એ જ ધર્મ છે. લવારો ક જેમ તેમ બોલવું, એ ઉપયોગ હીનતા છે, અને અધર્મ છે. ઉપયોગથી બોલવામાં જ ધર્મ છે. સામાયિક વ્ર ઉપયોગ રાખવાથી જ સામાયિકનું ફળ મળે છે, માટે લા કરવાની ભાવનાવાળાએ ઉપયોગ એ જ ધર્મ છે, એ પા સૂત્રની ભાવના ભાવવી.

૫ **શાન્તવૃત્તિ ભાવના:**-કલેશ, કંકાશ અશાંતવૃત્તિથી થ છે, અશાંતવૃત્તિએ કલહનું બીજ છે. વળી ગરમ થવું અને સમ ભાવથી વિરમવું, એ સામાયિકનો સમતાભાવનો ઉદ્દેશ નિર્મૂલ કર સમાન છે, માટે સામાયિકમાં કદિ પણ કલહ કરવો નહિ, દોષ ઉપસ્થિત થતાં શાન્તવૃત્તિ ભાવના ભાવવી, જેથી તે દો ટળી જશે.

૬ **નિવૃત્તિ ભાવના:** સામાયિક હંમેશાં નિવૃત્તિસાધ છે. ક્ષેમકુશળ પૂછી આગત-સ્વાગત કરવું, એ સાંસારિ પ્રવૃત્તિ છે, વળી જ્યાં સુધી શ્રાવક સામાયિક વ્રતમાં હોય છે, ત્યાં સુધી તે સાધુ સમાન ગણાય છે. તેથી તેને દરેક સાંસા રિક પ્રવૃત્તિનો ત્યાગ છે. સામાયિક વ્રતમાં તો કેવળ મોક્ષ

૩ **સૂત્રાનુસારી ઉપદેશ ભાવના:**-ઉત્સૂત્રભાષી હંમેશાં બહુલ સંસારી બને છે અને પાપકાર્યોનો ઉપદેશ આપવો, તે ઉત્સૂત્રપ્રરૂપણા કરવા જેવું છે, માટે તેવા પાપકર્મોનો ઉપદેશ આપનારે સૂત્રાનુસારી વાણી બોલવાની ટેવ રાખવી, જેથી તે દોષ ટળી જશે.

૪ **ઉપયોગ:**-ઉપયોગ એ જ ધર્મ છે. ધવારો કરવે જેમ તેમ બોલવું, એ ઉપયોગ હીનતા છે, અને અધર્મ પણ છે. ઉપયોગથી બોલવામાં જ ધર્મ છે. સામાયિક વ્રતમ ઉપયોગ રાખવાથી જ સામાયિકનું ફળ મળે છે, માટે ધવારે કરવાની ભાવનાવાળાએ ઉપયોગ એ જ ધર્મ છે, એ પવિત્ર સૂત્રની ભાવના ભાવવી.

૫ **શાન્તવૃત્તિ ભાવના:**-કલેશ, કંકાશ અશાંતવૃત્તિથી થાય છે, અશાંતવૃત્તિએ કલહનું બીજ છે. વળી ગરમ થવું અને સમતાભાવથી વિરમવું, એ સામાયિકનો સમતાભાવનો ઉદ્દેશ નિર્મૂલ કરવા સમાન છે, માટે સામાયિકમાં કદિ પણ કલહ કરવો નહિ, તે દોષ ઉપસ્થિત થતાં શાન્તવૃત્તિ ભાવના ભાવવી, જેથી તે દોષ ટળી જશે.

૬ **નિવૃત્તિ ભાવના:** સામાયિક હંમેશાં નિવૃત્તિદાયક છે. [illegible] પૂર્ણ [illegible] કરવું એ સાંસારિક [illegible] છે, [illegible] સામાયિક [illegible] છે, [illegible] છે. [illegible] સામાયિક [illegible]

પ્રતિની જ અભિલાષા રાખવી જોઈએ. ક્ષેમકુશળ પૂછી
સામાયિકમાં આગત-સ્વાગત કરવું ઘટે નહિ. તે સાંસારિક
બંધન છે, માટે ત્યાગ કરવો. નિવૃત્તિ ભાવનાનું સેવન કરવાથી
આ દોષ ટળી જશે.

૭. **ભાષાસમિતિઃ** સામાયિકમાં જે કંઈ બોલવાનું
હોય છે, તે સમ્યક્ પ્રકારે બોલવાનું હોય છે. ગાળ દેવાના
દોષથી સમ્યક્ત્વને બદલે મિથ્યાત્વ પોષાય છે, માટે ગાળ
દેવાના ટેવવાળાએ તે દોષ ટાળવા અર્થે ભાષાસમિતિ વિચારવી.

૮. **નિર્મોહી ભાવનાઃ** સામાયિકમાં મોહવાસનાનો
ત્યાગ કરવાનો હોય છે. બાળકો રમાડવાં એ મોહ-
વાસનાના બીજરૂપે છે, જેથી તેનો સામાયિકમાં ત્યાગ
કરવો જોઈએ, અને તે માટે નિર્મોહી ભાવના વિચા-
રવી જોઈએ.

૯. **ગુણાનુરાગી વૃત્તિભાવનાઃ** સામાયિક વ્રત એ
ગુણાનુરાગી થવા માટે છે. કોઈના અવગુણ બોલવા, નિન્દા
કરવી, વિકથા કરવી, એ દોષદૃષ્ટિસૂચક છે. કોઈની નિન્દા
કરી તેને ખોટું લગાડવું, એ આત્મહિંસા કરવા બરા
બર છે, સામાયિક વ્રતમાં સ્વ અને પર દયા કરવાની છે
અને હિંસા સર્વથા ત્યજવાની છે, જેથી કોઈની નિન્દા, વિકથ
સામાયિકમાં કરવી નહિ. એ દોષ હશે તો ગુણાનુરાગી વૃત્તિ
ભાવના ભાવવાથી ટળી જશે.

૩ **સૂત્રાનુસારી ઉપદેશ ભાવનાઃ**-ઉત્સૂત્રભાષી હંમેશાં બહુલ સંસારી બને છે અને પાપકાર્યોનો ઉપદેશ આપવો, તે ઉત્સૂત્રપ્રરૂપણા કરવા જેવું છે, માટે તેવા પાપકર્મોનો ઉપદેશ આપનારે સૂત્રાનુસારી વાણી બોલવાની ટેવ રાખવી, જેથી તે દોષ ટળી જશે.

૪ **ઉપયોગઃ**-ઉપયોગ એ જ ધર્મ છે. લવારો કરવો, જેમ તેમ બોલવું, એ ઉપયોગ હીનતા છે, અને અધર્મ પણ છે. ઉપયોગથી બોલવામાં જ ધર્મ છે. સામાયિક વ્રતમાં ઉપયોગ રાખવાથી જ સામાયિકનું ફળ મળે છે, માટે લવારો કરવાની ભાવનાવાળાએ ઉપયોગ એ જ ધર્મ છે, એ પવિત્ર સૂત્રની ભાવના ભાવવી.

૫ **શાન્તવૃત્તિ ભાવનાઃ**-કલેશ, કંકાશ અશાંતવૃત્તિથી થાય છે, અશાંતવૃત્તિએ કલહનું બીજ છે. વળી ગરમ થવું અને સમતા ભાવથી વિરમવું, એ સામાયિકનો સમતાભાવનો ઉદ્દેશ નિર્મૂલ કરવા સમાન છે, માટે સામાયિકમાં કદિ પણ કલહ કરવો નહિ, તે દોષ ઉપસ્થિત થતાં શાન્તવૃત્તિ ભાવના ભાવવી, જેથી તે દોષ ટળી જશે.

૬ **નિવૃત્તિ ભાવનાઃ** સામાયિક હંમેશાં નિવૃત્તિસાધક છે. ક્ષેમકુશળ પૂછી આગત-સ્વાગત કરવું, એ સાંસારિક પ્રવૃત્તિ છે, વળી જ્યાં સુધી શ્રાવક સામાયિક વ્રતમાં હોય છે, ત્યાં સુધી તે સાધુ સમાન ગણાય છે. તેથી તેને દરેક સાંસારિક પ્રવૃત્તિનો ત્યાગ છે. સામાયિક વ્રતમાં તો કેવળ મોક્ષ-

પ્રાપ્તિની જ અભિલાષા રાખવી જોઇએ. ક્ષેમકુશળ પૂછી સામાયિકમાં આગત-સ્વાગત કરવું ઘટે નહિ. તે સાંસારિક બંધન છે, માટે ત્યાગ કરવો. નિવૃત્તિ ભાવનાનું સેવન કરવાથી આ દોષ ટળી જશે.

૭. **ભાષાસમિતિ:** સામાયિકમાં જે કંઈ બોલવાનું હોય છે, તે સમ્યક્ પ્રકારે બોલવાનું હોય છે. ગાળ દેવાના દોષથી સમ્યક્ત્વને બદલે મિથ્યાત્વ પોષાય છે. માટે ગાળ દેવાના ટેવવાળાએ તે દોષ ટાળવા અર્થે ભાષાસમિતિ વિચારવી.

૮. **નિર્મોહી ભાવના:** સામાયિકમાં મોહવાસનાનો ત્યાગ કરવાનો હોય છે, બાળકો રમાડવાં એ મોહવાસનાના બીજરૂપે છે, જેથી તેનો સામાયિકમાં ત્યાગ કરવો જોઇએ, અને તે માટે નિર્મોહી ભાવના વિચારવી જોઇએ.

૯. **ગુણાનુરાગી વૃત્તિભાવના:** સામાયિક વ્રત એ ગુણાનુરાગી થવા માટે છે. કોઈના અવગુણ બોલવા, નિન્દા કરવી, વિકથા કરવી, એ દોષદૃષ્ટિસૂચક છે. કોઇની નિન્દા કરી તેને ખોટું લગાડવું, એ આત્મહિંસા કરવા બરાબર છે, સામાયિક વ્રતમાં સ્વ અને પર દયા કરવાની છે. અને હિંસા સર્વથા ત્યજવાની છે, જેથી કોઇની નિન્દા, વિકથા સામાયિકમાં કરવી નહિ. એ દોષ હશે તો ગુણાનુરાગી વૃત્તિની ભાવના ભાવવાથી ટળી જશે.

આપવાળા વ્યાપારોથી વિરમવાનું છે. સાવદ્ય વ્યાપારથી ભવનં પરંપરા વધે છે, અને તેથી જીવ બહુલ સંસારી થાય છે સામાયિકમાં ભવભીરૂ [ભવની બીક] ભાવના ભાવવી, જેથી સાવદ્યકર્મ કરતાં અટકી જવાશે.

૪ અપ્રમત્ત ભાવના:-અપ્રમત્ત ભાવનાથી પ્રમાદીપણું દૂર થાય છે. પ્રમાદથીજ આળસ મરડવાનું મન થાય છે પરંતુ જ્યારે પ્રમાદદશા દૂર થાય છે, ત્યારે આળસ-એદીપણું મટે છે. આળસ મરડવાની કુટેવવાળાએ અપ્રમત્ત ભાવનાનું ચિન્તવન કરવું, જેથી આત્મસંયમ સધાશે અને મરડવાનો દોષ નાબૂદ થશે.

૫. ગુરૂપ્રતિ બહુમાન: જેઓને ગુરૂ પ્રત્યે સદ્ભાવ છે, તેઓ ગુરૂ સન્મુખ બેસી કદિ પણ ગુરૂનો અવિનય કરતા નથી, પણ તેમનું બહુમાન કરે છે. સામાયિક ગુરૂ સન્મુખ કરવાનું છે, ગુરૂના અભાવે તેમની સ્થાપના કરાય છે, જેને આપણે સ્થાપનાચાર્યના નામથી ઓળખીએ છીએ. અવિનયપણે બેસવાથી ગુરૂ પ્રત્યે સન્માન જળવાતું નથી, માટે વિનયથી બેસવાની આવશ્યકતા સમજનારે ગુરૂ તરફ બહુમાનની ભાવના ચિંતવવી, જેથી અવિનયપણે બેસવાનો દોષ ટળી જશે.

૬. શિવસુખ ભાવના: સામાયિકનો હેતુ મોક્ષ સુખ સંપાદન કરવાનો છે, નહિં કે શારીરિક સુખ. શારીરિક સુખ તો ક્ષણિક છે, એહિક સુખ હંમેશાં દુઃખદાયક છે. શરીરની શાંતાના કારણથી ભીંત વિગેરેની ઓથ લઈ બેસાય છે, પરંતુ

સામાયિકમાં શારીરિક સુખ, પૌદ્ગલિક સુખ નિવારણ કરી આત્મસુખ પ્રાપ્ત કરવાનું છે, માટે મોક્ષસુખ ઇચ્છનારે ભીંત વિગેરેને ઓથ દઈ બેસવું નહિ. તેને ઐહિક સુખ ગણી ત્યાગ કરવો, અને શિવસુખ ભાવના ચિંતવવી.

૭ અશુચિભાવના: શરીર ઉપરથી મેલ ઉતારનારે અશુચિભાવના ભાવવી જોઇએ. આ શરીર એ ગંદકીનો ગાડવો છે, તેનાં છિદ્રોદ્વારા નિરંતર પસીનારૂપી ઝેર વહ્યાજ કરે છે, તેથી તે સદા અશુદ્ધ છે, તો પછી શરીરનો મેલ ઉતારી શુદ્ધ શરીર કરવાની ભાવના રાખવી તે, રેતી પીલી તેમાંથી તેલ કાઢવા જેવું છે વળી જીવહિંસાનો પણ દોષ લાગે છે, માટે સામાયિકમાં શરીર પરનો મેલ ઉતારવાની ટેવવાળાએ અશુચિ ભાવના ભાવવી.

૮ કાયગુપ્તિ:— કાયગુપ્તિ એટલે કાયાને સાવદ્ય વ્યાપારથી વિમુક્ત રાખવી. ખણુજ ખણુવી એ કાયિક પાપ વ્યાપાર છે, અને તે નહિ કરવાની સામાયિકમાં પ્રતિજ્ઞા લીધી છે, માટે ખણુજ ખણુવાનો દોષ સામાયિકમાં ટાળવો જોઇએ, અને તે દોષ ઉપસ્થિત થતાં કાયગુપ્તિની ભાવના ભાવવી જોઇએ, જેથી એ દોષથી મુક્ત થવાશે.

૯ મર્યાદાનું પાલન કરવું:—સામાયિક એ ગુરૂ સન્મખ અથવા ગુરૂના પ્રતિનિધિ સ્થાપનાચાર્યજી સન્મુખ કરવાનું છે, માટે સ્થાપનાચાર્યને સાક્ષાત ગુરૂ સમાન માની તેમની મર્યાદા જાળવવી જોઇએ. પગ ઉપર પગ ચઢાવવાથી તેમની

આ તુટે છે, મર્યાદા જળવાતી નથી, તેથી તેને દોષ ગણુવામાં આવ્યો છે. વડીલોની મર્યાદા જાળવવી એ સજ્જનતાનો ગુણ છે અને અમર્યાદિત થવું એ દુર્જનતા છે. માટે પગ ઉપર પગ ચઢાવવાની ટેવવાળાએ મર્યાદાના પાલનની ભાવના ભાવવી.

૧૦ **બ્રહ્મચર્ય ભાવના** :–સામાયિકની અંદર શ્રાવક એ સાધુ સમાન છે, અને જેઓ પંચ મહાવ્રતધારી છે, તેઓ જ સાધુ કહેવાય છે. બ્રહ્મચર્ય એ પાંચ મહાવ્રતોમાંનું ચોથું મહાવ્રત છે, માટે તેનું યથાસ્થિત પાલન કરવું જોઈએ. કામવાસનાપૂર્વક અંગ ઉઘાડાં રાખવાથી બ્રહ્મચર્યનો લોપ થાય છે, વ્રતનું ભંગાણ થાય છે, માટે કામવાસના ઉપસ્થિત થતાં બ્રહ્મચર્યની ભાવના ભાવવી. તેથી તે દોષ ટળી જશે.

૧૧ **દેહદમન**:–સામાયિકનો હેતુ દેહદમન કરવાનો છે, કારણ કે તેના દમનમાંજ આત્માની ઉજ્જવલતા છે. જન્તુઓના ઉપદ્રવથી ડરીને ચોતરફથી શરીરને ઢાંકવું, એ દેહદમનને બદલે દેહાદિક ધર્મનું રક્ષણ કરવા બરાબર છે. દેહાદિક ધર્મોમાં જ્યાં સુધી આત્મા રાચે છે, ત્યાં સુધી તે બહિરાત્મા છે, અને બહિરાત્માપણું ત્યાગવાનું સામાયિકવ્રત શીખવે છે, તેથી જંતુથી ડરી જઈને દેહ ઢાંકવાની વૃત્તિ તે બહિરાત્મ-વૃત્તિ છે, તેથી તેને દોષમાં ગણેલ છે, તે દોષ ઉપસ્થિત થતાં દેહદમનની ભાવના ભાવવી જોઇએ.

૧૨ **સમતારસ ભાવના**:–કુદરતી એવો નિયમ છે, કે જ્યારે કોઇપણ બાબતમાં રસ પેદા થાય છે, ત્યારે તેમાં પ્રમાદ–

આળસ-નિન્દ્રા કે તન્દ્રાને અવકાશ નથી. સામાયિકનો ઉદ્દેશ આત્મજાગૃતિ કરવાનો છે, અને વિષય-કષાય આદિ પ્રમાદને પરિહરવાથીજ આત્મજાગૃતિ કે આત્મશુદ્ધિ થાય છે, માટે સામાયિકની અંદર ઉંઘનો દોષ ટાળનારે સમતારસ ભાવના ભાવવી જોઇએ.

અષ્ટ સામાયિક શબ્દસ્ફુરણા.

(૧)

પ્ર૦ હું સામાયિક કરૂં છું એટલે શું ?

ઉ૦ હું મારી ચિત્તવૃત્તિ શાન્ત કરૂં છું. મન સરોવરમાં વાસનારૂપી મોજાં જ્યાં સુધી ઉછળતાં હોય અને જ્યાં સુધી તે શાન્ત થાય નહિ, ત્યાં સુધી સરોવરની અંદર રહેલ રત્ન-રાશિ જણાય નહિ, માટે સામાયિકની અંદર સૌથી પ્રથમ સામાયિક કરનારે ચિત્તવૃત્તિ શાન્ત કરવી જોઇએ.

ચિત્તવૃત્તિને શાન્ત કરવાના ઉપાયો.

ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક ભાવ એ ત્રણ તથા ઔદયિક અને પારિણામિક એ બે ભાવ મળી પાંચ ભાવો જીવના સ્વતત્વ છે, એટલે જીવને તે ભાવ હોય છે, તેનું યથાસ્થિત સ્વરૂપ વિચારવું વળી ઉપશમ, સંવર અને વિવેકની

ચારણાથી ચિલાતી પુત્રે કેવી રીતે ચિત્તવૃત્તિ શાંત કરી અને સદ્-
ગતિ પ્રાપ્ત કરી, તે માટે વાંચો ચિલાતી પુત્રની કથા ૫૧ મે પાને.

(૨)

પ્રશ્નઃ હું સામાયિક કરૂં છું એટલે શું ?

ઉત્તરઃ હું સમભાવમાં સ્થિર થાઉં છું. મન, વચન અને કાયામાં જ્યારે સ્થિરતા પ્રાપ્ત થાય છે, ત્યારેજ રાત્રિ યા દિવસ, તેમજ ગ્રામ વા અરણ્ય સર્વસ્થળે સમશીલપણું ભાસે છે. છાશના સંયોગથી દૂધનો સ્વભાવ જેમ બદલાઇ જાય છે, તેમ ચંચળતા, અસ્થિરતા વડે જ્ઞાનરૂપ દૂધ પલટાઈ જઇ, લોભ વિક્ષોભરૂપ કુચા તેમાં પ્રગટાવે છે, માટે વિચારપૂર્વક ચંચળતાનો ત્યાગ કરવો યોગ્ય છે. आणाअे धम्मो उवओगे धम्मो अने परिणामे बन्ध। આ જિનેન્દ્ર પ્રણીત સોનેરી સૂત્રોના યથાર્થ જ્ઞાનથી સ્થિરતા અનુભવાશે, અને સ્થિરતા અનુભવાતાં સમકિતની પ્રાપ્તિ થશે, અને સમકિત (સદ્દહણા,શ્રધ્ધા) ની પ્રાપ્તિ થતાં નિડરતા પ્રાપ્ત થશે અને નિડરતા પ્રાપ્ત થતાં સત્યવકતા થવાશે, આ માટે વાંચો કાલિકાચાર્યની કથા ૪૭ મા પાને.

(૩)

પ્રશ્નઃ હું સામાયિક કરૂં છું એટલે શું ?

હું મધ્યસ્થભાવનું સેવન કરૂં છું. મધ્યસ્થ પુરૂષો અન્તર આત્મા વડે શુધ્ધ આશયમાં સ્થિત રહે છે. પ્રસંગે પણ રાગ-દ્વેષને ધારણ કરતા નથી, અને તત્ત્વાતત્ત્વનો નિર્ણય કરી

જેથી સદ્વિચારો એ ઉત્તરોત્તર મોક્ષપ્રાપ્તિનું કારણ છે, માટે આત્મહિતચિન્તકોએ હંમેશાં સદ્વિચારનું સેવન કરવું, તેમાં સામાયિક વ્રતમાં તો તેનું ખાસ પાલન કરવું. ઈલાચીકુમારને સદ્વિચારો આવવાથી તેના મોહના અંધારાનો પડદો દૂર થયો અને ભાન થયું કે, ત્રણે લોકમાં જો કોઈ સુંદરમાં સુંદર વસ્તુ હોય તો તે આત્મા છે. ખરું સૌન્દર્ય તો આત્માનું જ છે, આ માટે વાંચો ધનદત્ત શેઠની કથા ૬૦ મા પાને.

(૮)

પ્ર૦ હું સામાયિક કરું છું એટલે શું ?

ઉ૦ હું તૃષ્ણાને તિલાંજલિ આપું છું. ક્ષણે-ક્ષણે હૃદયમ અનેક પ્રકારની તૃષ્ણાઓ સ્ફુરાયમાન થાય છે, અને તે ફક મૃગ-તૃષ્ણા સમાન છે, છતાં જ્ઞાનરૂપ અમૃતને ત્યજી દઈ મૂર્ખ-નાદાન માણસ તૃષ્ણાનું પોષણ કરવા ખાલી દોડે છે

इच्छा निरोधस्तपः ઇચ્છાઓ, વાસનાઓ, તૃષ્ણાઓનું ઉન્મૂલન કરનાર તપ છે. બાહ્ય અને અભ્યંતર તપશ્ચર્યા કરતા થકા મહાત્માઓ મૂળ અને ઉત્તર ગુણની શ્રેણિરૂપ સમૃદ્ધિ મેળવે છે, માટે તૃષ્ણાન રોધકે પ્રત્યાખ્યાનનું પાલન કરવું. પોટિલ દેવે પ્રત્યાખ્યાનથ અમાત્ય તેતલીપુત્રને ઇન્દ્રિયોના વિષય સુખોમાંથી છોડાવ્યો, જેથી તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયો. આ માટે જુઓ અમાત્ય તેતલિપુત્રની કથા ૬૩ મા પાને.

સ્વાધ્યાય વિભાગ

જેથી સદ્દવિચારો એ ઉત્તરોત્તર મોક્ષપ્રાપ્તિનું કારણ છે, માટે આત્મહિતચિન્તકોએ હંમેશાં સદ્દવિચારનું સેવન કરવું, તેમાં સામાયિક વ્રતમાંતો તેનું ખાસ પાલન કરવું. ઈલાચીકુમારને સદ્દવિચારો આવવાથી તેના મોહના અંધારોનો પડદો દૂર થયો અને ભાન થયું કે, ત્રણે લોકમાં જો કોઈ સુંદરમાં સુંદર વસ્તુ હોય તો તે આત્મા છે. ખરૂં સૌન્દર્ય તો આત્માનુંજ છે, આ માટે વાંચો ધનદત્ત શેઠની કથા ૬૦ મા પાને.

(૮)

પ્ર૦ હું સામાયિક કરૂં છું એટલે શું ?

ઉ૦ હું તૃષ્ણાને તિલાંજલિ આપું છું. ક્ષણે-ક્ષણે હ્રદયમાં અનેક પ્રકારની તૃષ્ણાઓ સ્ફુરાયમાન થાય છે, અને તે ફક્ત મૃગ-તૃષ્ણા સમાન છે, છતાં જ્ઞાનરૂપ અમૃતને ત્યજી દઈને મૂર્ખ-નાદાન માણસ તૃષ્ણાનું પોષણ કરવા ખાલી દોડે છે.

इच्छा निरोद्धस्तपः ઇચ્છાઓ, વાસનાઓ, તૃષ્ણાઓનું ઉન્મૂલન કરનાર તપ છે. બાહ્ય અને અભ્યંતર તપશ્ચર્યા કરતા થકા મહાત્માઓ મૂળ અને ઉત્તર ગુણની શ્રેણિરૂપ સમૃદ્ધિ મેળવે છે, માટે તૃષ્ણાના રોધકે પ્રત્યાખ્યાનનું પાલન કરવું પોટિલ દેવે પ્રત્યાખ્યાનથી અમાત્ય તેતલીપુત્રને ઇન્દ્રિયોના વિષય સુખોમાંથી છોડાવ્યો, જેથી તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયો. આ માટે જુઓ અમાત્ય તેતલિપુત્રની કથા ૬૩ મા પાને.

કરવી શું ઉચિત નથી? તેં એવું પુણ્ય કેમ ન કર્યું, કે જેથી તને કોઇ પીડાજ ન કરી શકે, તો અત્યારે તારી ભૂલોનો પશ્ચાતાપ કરતાં ક્ષમા સ્વીકારવીજ આવશ્યક છે. કોઇ તને મર્મ-વેધી વચનોથી પીડા કરે તો વિચારવું કે જો એ સાચું છે તો મારે ગુસ્સે થવાની શી જરૂર છે, જો એ ખોટું હોય તો તે ગાંડાનું વચન સમજી તેની ઉપેક્ષા કરવી યોગ્ય છે. જો કોઇ તારો વધ કરવા તૈયાર થાય તો, તારે વિસ્મય પામી હસવું કે મારો વધ તો મારા કર્મોથીજ થવાનો છે, તો આ બાપડો નકામો અભિમાનથી કર્મ બાંધે છે.

સર્વ પુરૂષાર્થનો ઘાત કરનાર ક્રોધ ઉપર તને ગુસ્સો થતો નથી, તો સ્વલ્પ અપરાધ કરનાર ઉપર ગુસ્સો કરનાર તને ધિક્કાર છે. સર્વ ઇન્દ્રિયોને થાક પમાડનાર અને ઉગ્ર દોડતા સાપના જેવા ક્રોધ ઉપર વિજય મેળવવા માટે બુદ્ધિમાન પુરૂષે જાંગુલિ મંત્ર સમાન નિરવદ્ય ક્ષમાનો નિરંતર આશરો લેવો જોઇએ.

માનના દોષો બતાવે છે.

માન વિનય, વિદ્યા, શીલ, તેમજ ધર્મ, અર્થ અને કામ એ ત્રણેય પુરૂષાર્થોનો ઘાતક છે, વળી તે વિવેકરૂપ ચક્ષુને ફોડી નાંખે છે, તેથી લોકોને આંધળા કરનારો છે, જાતિ, લાભ, કુલ ઐશ્વર્ય-પ્રભુત્વ, બળ, રૂપ, તપ અને વિદ્યા, એ આઠ પ્રકારે મદ કરનાર માણસ ફરીથી હીન પ્રકાર

ચ્છાની નિવૃત્તિ તો થતીજ નથી, કારણ કે લોભ એ શરૂ-
આતમાં બહુ થોડો દેખાય છે, પણ શકોરાની માફક એકદમ
વધતો જાય છે. લોભરૂપી અતિ ઉછળતા સમુદ્રને બુદ્ધિમાન
રૂપે સંતોષરૂપી સેતુ–પુલ બાંધીને આગળ વધતો અટકા-
વો જોઇએ.

ચારે કષાયોને જીતવાના ઉપાયો.

એ પ્રમાણે ક્ષમાથી ક્રોધને, નમ્રતાથી માનને; સરલતાથી
માયાને અને સંતોષથી લોભને જીતવો.

ઇન્દ્રિય જય.

ઇન્દ્રિયોને જીત્યા સિવાય મનુષ્ય કષાયો ઉપર વિજય મેળવવા
સમર્થ થતો નથી, કેમકે શીયાળાની ઠંડી પ્રજ્વલિત અગ્નિ વિના
દૂર કરી શકાતી નથી. અનિયંત્રિત, ચંચળ અને ઉન્માર્ગગામી
ઇન્દ્રિયરૂપી ઘોડાઓ પ્રાણીને ખેંચીને નરકરૂપી અરણ્યમાં
જલ્દી લઇ જાય છે. જે પ્રાણી ઇન્દ્રિયોથી જીતાયેલો છે,
તે કષાયોથી જલ્દી પરાભવ પામે છે. બળવાન પુરૂષોએ પહેલાં
જેની એક ઇંટ ખેંચી કાઢી છે, તેવા કિલ્લાને પાછળથી કોણ
તોડી પાડતું નથી ? નહિં જીતાયેલી ઇન્દ્રિયો માણસોના કુળનો
નાશ, અધઃપાત, બન્ધ અને વધના કારણરૂપ થાય છે.

હાથણીના સ્પર્શ સુખના આસ્વાદથી સૂંઢ લાંબી
કરનાર હાથી તરતજ આલાન સ્તંભ સાથે બન્ધનના કલેશને

પામે છે. અગાધ પાણીમાં ફરનાર ગરીબ માછલું લોઢાના સળ યામાં રહેલું માંસ ખાતાં, **સ્વાદમાં લુબ્ધ થતાં** નિશ્ચ પારધીના હાથમાં પડે છે. **ગંધનો લોલુપી** ભમરો મદોન્મ હસ્તીના કપોલ પર બેસતાં કર્ણતાલના આઘાતથી મરણ પા છે. સુવર્ણના છેદ જેવી શિખાના **પ્રકાશમાં મોહ પામેલ** **પતંગિઆ** મૂર્ખાઈથી દીવામાં પડતાં મૃત્યુ પામે છે **મનોહર ગીત સાંભળવામાં ઉત્સુક થયેલું હરણ** પા ધીના કાન સુધી ખેંચાયેલા બાણથી વિંધાય છે, એ રી એક એક વિષયનું સેવન પણ મૃત્યુ માટે થાય છે. તે એકી સાથે પાંચેનું સેવન કેમ મૃત્યુ માટે ન થાય?

ઇન્દ્રિયોની સર્વથા અપ્રવૃત્તિ તે ઇન્દ્રિયોનો જય નથી પણ વિષયોમાં રાગદ્વેષ વિના પ્રવૃત્તિ કરવી તે પણ ઇન્દ્રિયોનો જય જ છે, સમીપમાં રહેલા વિષયનો ઇન્દ્રિયોની સાથે સંબંધજ ન થાય એમ બનવું અશક્ય છે, પરંતુ વિષયોમાં થતા રાગદ્વેષને તો જરૂર નિવારી શકાય છે. સંયમી પુરૂષોની ઇન્દ્રિયો હણાયેલી અને ન હણાયેલી છે. હિતકારી વિષયોમાં તેઓની ઇન્દ્રિયો હણાયેલી નથી, પણ અહિત વિષયોમાં હણાયેલી છે. વિષયોમાં પ્રિયપણું કે અપ્રિયપણું વાસ્તવિક રીતે નથી. એકજ વિષય અમુક હેતુથી પ્રિય થાય છે, અને અમુક હેતુથી અપ્રિય થાય છે, માટે વિષયોનું પ્રિયપણું અને અપ્રિયપણું ઔપાધિક સમજી બુધ્ધિમાન પુરૂષે મનની વિશુધ્ધિ વડે ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવો, કારણ કે મનની શુધ્ધિ વિના મનુષ્યોને યમ-નિયમો વડે નકામો કાયક્લેશ થાય છે.

[૭૫]

મનઃ શુદ્ધિ

ગમે તે વિશ્વમાં નિર્ભયપણે ભ્રમણ કરતો નિરંકુશ મનરૂપી રાક્ષસ ત્રણ જગતને સંસારરૂપી ચક્રાવામાં પાડે છે. મુક્તિ પામવાની ઇચ્છાથી તપ તપતા મનુષ્યોને ચંચળ ચિત્ત વંટોળિયાની પેઠે બીજે ક્યાંય ફેંકી દે છે. મનનો નિરોધ કર્યા વિના જે માણસ હું યોગી છું, એવું અભિમાન રાખે છે, તે પગે ચાલીને બીજે ગામ જવા ઇચ્છતા પાંગળા માણસની પેઠે હાસ્યપાત્ર બને છે. મનનો નિરોધ થતાંજ જ્ઞાનાવરણી-યાદિ અતિ પ્રબળ કર્મોનો પણ સર્વથા નિરોધ થઈ જાય છે. જેનું મન નિરોધ પામ્યું નથી, તેનાં કર્મો ઉલટાં વધી જાય છે, માટે મુક્તિને ઇચ્છનારાઓએ સર્વ જગતમાં ભટકતા આ મનરૂપી વાંદરાને પ્રયત્નપૂર્વક વશ કરવો જોઇએ. જ્ઞાની પુરૂષોએ એકલી મનની શુદ્ધિનેજ મોક્ષમાર્ગ બતાવનારી કદી ન ઓલવાય એવી દીવી કહેલી છે. જો મનની શુદ્ધિ હોય તો અવિદ્યમાન ગુણો પણ અસ્તિત્વમાં આવે છે, પરંતુ જો મનની શુદ્ધિ ન હોય તો વિદ્યમાન ગુણોનો પણ અભાવ થાય છે. માટે બુધ્ધિમાન પુરૂષે મનશુદ્ધિજ કરવી. જે લોકો મનની શુદ્ધિ કર્યા વિના મુક્તિ માટે તપ તપે છે, તે લોકો નાવને છોડીને બે હાથવડે સમુદ્ર તરવાની ઇચ્છા રાખે છે. જેમ આંખો વિનાને દર્પણ નકામું છે, તેમ થોડી પણ મનની શુધ્ધિ વિનાના તપસ્વીને ધ્યાન નકામું છે, માટે સિધ્ધિની ઇચ્છાવાળાઓએ મનની શુધ્ધિ અવશ્ય કરવી જોઇએ.

રાગ-દ્વેષ જય.

મનની શુદ્ધિ કરવા માટે રાગ-દ્વેષનો જય કરવો, રાગ-દ્વેષ જીતવાથી આત્મા મલિનતા દૂર કરીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થાય છે. આત્મામાં લીન કરવા પ્રયત્ન કરતા યોગીઓના મનને પણ રાગ-દ્વેષ અને મોહ ચડી આવીને પરાધીન બનાવે છે. મનને એટલું રક્ષણ કરવામાં આવે છતાં પિશાચના જેવા રાગાદિ થોડું પણ પ્રમાદ રૂપ બાકાનું મળતાં મનને વારંવાર છેતરે છે. જેમ આંધળો માણસ આંધળા માણસને ખાડામાં નાંખે છે, તેમ રાગાદિ અંધકારથી નાશ પામેલું વિવેકજ્ઞાનવાળું મન માણસને ખેંચીને નરકરૂપી ખાડામાં નાંખે છે, માટે નિર્વાણ પદની ઇચ્છાવાળા પુરૂષોએ પ્રમાદનો ત્યાગ કરી સમભાવ વડે રાગ-દ્વેષના હેતુઓમાં મધ્યસ્થ પરિણામ વડે રાગ-દ્વેષરૂપી શત્રુને જીતવા જોઇએ.

સમતા.

અતિ આનંદજનક સમતારૂપી પાણીમાં ડૂબકી મારનાર પુરૂષનો રાગદ્વેષરૂપી મેલ તત્કાળ નાશ પામે છે. માણસ જે કર્મને કોટિ જન્મની કઠિન તપશ્ચર્યાથી પણ નાશ ન કરી શકે, તે કર્મને સમભાવનો આશ્રય લઇને એક અર્ધા ક્ષણમાં નાશ કરે છે. જેને આત્મસ્વરૂપનો નિશ્ચય થયો છે, આવા સાધુ સામાયિક રૂપી સળી વડે પરસ્પર મળેલા જીવ અને કર્મને જુદા કરે છે, આત્મજ્ઞાનનો અભ્યાસ કરતાં તથાવિધ આવ-

ા દૂર થવાથી પુનઃ પુનઃ સ્વસંવેદનથી આત્મનો દૃઢ નિશ્ચય
ય છે, અને તેથી આત્મા સ્વરૂપનું આવરણ કરનારા અને
ાત્મ સ્વરૂપથી ભિન્ન એવા કર્મોને પરમ સામાયિકના બળથી
ર્જરે છે.સામાયિક રૂપી સૂર્યથી રાગાદિ અંધકારનો નાશ
તાં યોગીઓ પોતાના આત્મામાં પરમાત્માનું સ્વરૂપ દેખે છે,
ધા આત્માઓ તત્ત્વદૃષ્ટિથી પરમાત્માજ છે, કેવળ રાગ-દ્વેષા-
દિથી મલિન થયેલા હોવાથી પરમાત્મસ્વરૂપની અભિવ્યક્તિ
થતી નથી, પરંતુ સમભાવ રૂપ સૂર્યના પ્રકાશથી રાગાદિ અંધ-
કારનો નાશ થતાં આત્માને વિશેષ પરમાત્મ સ્વરૂપ પ્રગટ થાય
છે, પોતાના સ્વરૂપની પ્રાપ્તિ માટે સમત્વનું સેવન કરનાર
સાધુના પ્રભાવથી નિત્ય વેરવૃત્તિવાળાં પ્રાણીઓ પણ પરસ્પર
પ્રેમ કરે છે.

પ્રિય અને અપ્રિય એવા ચેતન અને અચેતન પદાર્થમાં
જેનું મન મોહ પામતું નથી તે સમભાવને પ્રાપ્ત થયેલો છે.
કોઈ પોતાના હાથવતી ગોશીર્ષ ચંદનનું વિલેપન કરે કે
વાંસલાથી કાપે તો પણ બન્નેમાં સમાનવૃત્તિ હોય ત્યારે
સર્વોત્તમ સમભાવ હોય છે. કોઇ પ્રસન્ન થઇને સ્તુતિ કરે
કે ગુસ્સે થઈને ગાળો દે તો પણ જેનું ચિત્ત તે બન્નેમાં
સરખું છે, તે સમભાવમાં મગ્ન છે. પ્રયત્નથી કરેલા અને ક્લેશ-
જનક રાગાદિની ઉપાસના શા માટે કરવી? પરન્તુ વગર
પ્રયત્ને મળી શકે એવા સુખ આપનારા મનોહર સમભાવનો
આશ્રય કરવો યોગ્ય છે. ખાવા યોગ્ય, ચાટવા યોગ્ય, ચૂસવા
યોગ્ય, અને પીવા યોગ્ય પદાર્થોની વિમુખ ચિત્તવાળા યોગીઓ

પણ સમભાવ રૂપ અમૃત વારંવાર પીવે છે. આમાં કંઇ ગુપ્ત નથી, તેમ કોઇ ગુરૂનું રહસ્ય નથી પરન્તુ અજ્ઞ અને બુધ્ધિમાનોને માટે એકજ ભવવ્યાધિને શમન કરનારૂં સમભાવ રૂપ ઔષધ છે. **જેનાથી પાપીઓ પણ ક્ષણમાત્રમાં શાશ્વતપદ પામે છે. તે આ સમતાનો પરમ પ્રભાવ છે.** જે સમભાવ પ્રાપ્ત થતાં રત્નત્રય સફળ થાય છે અને જેના વિના નિષ્ફળતા પામે છે, તે મહાપ્રભાવ યુક્ત સમભાવને નમસ્કાર કરૂં છું. આચાર્ય શ્રી ફરમાવે છે કે, હું સર્વ શાસ્ત્રના રહસ્યને જાણી પોકાર કરીને કહું છું કે, આલોક અને પરલોકમાં સમભાવથી બીજી કોઇ સુખની ખાણ નથી. જ્યારે ઉપસર્ગો આવી પડે છે અને મૃત્યુ સામે ઉભું હોય છે ત્યારે તે કાલને ઉચિત સમભાવથી બીજું કંઇ પણ ઉપયોગી નથી. રાગદ્વેષાદિ શત્રુઓનો નાશ કરનાર સમભાવ રૂપ સામ્રાજ્યની લક્ષ્મી ભોગવીને પ્રાણીઓ શુભગતિને પ્રાપ્ત થાય છે. તેથી જો આ મનુષ્યજન્મ સફળ કરવો હોય તો અમર્યાદ સુખથી પૂર્ણ સમભાવને પ્રાપ્ત કરવા જરા પણ પ્રમાદ ન કરવો.

ભાવનાઓ

સમભાવની પ્રાપ્તિ નિર્મમત્વ પ્રાપ્ત થવાથીજ થાય છે અને નિર્મમત્વ પ્રાપ્ત થવા માટે અનિત્યતાદિ બાર ભાવનાઓનું અવલંબન કરવું આવશ્યક છે.

અનિત્ય ભાવના, અશરણ્ય ભાવના, સંસાર ભાવના, એકત્વ-ભાવના, અન્યત્વ ભાવના, અશુચિત્વ ભાવના, આશ્રવ ભાવના, સંવર ભાવના, નિર્જરા ભાવના, ધર્મ સ્વાખ્યાત ભાવના, લોક-ભાવના અને બોધિદુર્લભ ભાવના એ બાર ભાવના છે.

---

૧ અનિત્ય ભાવના

આ જગતમાં જે સવારે દેખાય છે તે બપોરે દેખાતું નથી, અને જે બપોરે દેખાય છે તે સાંજે દેખાતું નથી, આ પ્રમાણે પદાર્થોની અનિત્યતા પ્રગટ દેખાય છે. બધા [illegible]-ઓના ક્ષણભંગુર પ્રાણીઓના શરીર પ્રચંડ પવનથી વિખરાઇ ગએલા વાદળાં જેવા વિનાશશીલ છે. લક્ષ્મી સમુદ્રના મોજાંની જેવી ચંચળ છે, ધન-કુટુંબાદિના સંયોગો સ્વપ્ન જેવા છે અને યૌવન વંટોળિયાના સંગમથી ઉડતા રૂ જેવું છે, આ પ્રમાણે તૃષ્ણારૂપી કાળી નાગણીને વશ કરનાર મંત્રસમાન નિર્મમત્વની પ્રાપ્તિ માટે જગતના અનિત્ય સ્વરૂપનો સ્થિર ચિત્તે વારંવાર વિચાર કરવો.

---

૨ અશરણ ભાવના.

ઇન્દ્રો-ઉપેન્દ્રો વગેરે પણ જે મૃત્યુને આધીન થયા, તે મરણના ભયથી પ્રાણીને કોણ શરણ આપી શકે એમ છે? પિતા, [illegible]

જીવને કર્મો યમને ઘેર લઇ જાય છે. મૂઢ બુદ્ધિવાળા લોકો પોતાના કર્મોએ મૃત્યુ પામેલા સ્વજનોનો શોક કરે છે, પણ સ્વકર્મ વડે મૃત્યુ પામનાર પોતાના આત્માનો શોક કરતા નથી. પોતાની નજીક રહેલા મૃત્યુનો શોક નહિ કરતાં દૂર સ્વજનાદિકના મૃત્યુનો શોક કરવો, તે બુદ્ધિની મૂઢતાજ છે. દાવાગ્નિની ભભકતી જ્વાળાથી વિકરાળ દેખાતા વનમાં જેમ મૃગના બચ્ચાનું કોઇ શરણ નથી, તેમ દુઃખરૂપી દાવાગ્નિની બળતી જ્વાળાથી ભયંકર આ સંસારમાં પ્રાણીનું કોઇ શરણ નથી.

---

૩ સંસાર ભાવના.

આ સંસાર રુપી રંગભૂમિ ઉપર પ્રાણી નટની પેઠે કોઇવાર વેદજ્ઞ બ્રાહ્મણ થાય છે, તો કોઇવાર ચંડાળ થાય છે, કોઈવાર શેઠ થાય છે, તો કોઇવાર નોકર થાય છે, કોઇવાર પ્રજાપતિ બ્રહ્મા થાય છે, તો કોઇવાર ક્ષુદ્રકીડા થાય છે, એમ વિવિધ પ્રકારે સંસારી જીવ ચેષ્ટા કરે છે. સંસારી જીવ કર્મના સંબન્ધથી ભાડાની કોટડીની જેમ કઇ યોનિમાં નથી જતો અને કઇ યોનિમાંથી નથી નીકળતો ? સમસ્ત લોકાકાશમાં વાળના અગ્રભાગ જેટલું પણ કોઇ સ્થાન નથી, કે જ્યાં જીવ પોતાના કર્મથી એકેન્દ્રિયાદિ વિવિધ રૂપો ધારણ કરવા વડે ઉત્પન્ન ન થયો હોય.

---

૪ એકત્વ ભાવના.

જીવ એકલોજ ઉત્પન્ન થાય છે અને એકલોજ મરણ પામે છે, તથા ભવાન્તરમાં કરેલાં કર્મો એકલોજ ભોગવે છે. તેણે એકઠું કરેલું ધન સ્વજન ભેગા મળીને ભોગવે છે, પરંતુ તે પોતે તો નરકમાં પોતાના કર્મોના ફળ ભોગવવા માટે ક્લેશ પામે છે. માટે એકલોજ શુભાશુભ કર્મ કરીને સંસારમાં ભમે છે. અને તેજ જીવ શુભાશુભ ફળ પણ એકલોજ ભોગવે છે. તથા સર્વ સંબંધોનો ત્યાગ કરીને એકલોજ મોક્ષ લક્ષ્મીનો ઉપભોગ કરે છે. ત્યાં બીજા કોઈનો સંબંધ નથી.

---

૫ અન્યત્વ ભાવના.

જ્યાં આત્માથી શરીરની ભિન્નતા હોવાથી અન્યપણું છે, ત્યાં ધન, બંધુ અને સહાયકનું આત્માથી અન્યત્વ હોય એ કહેવું મુશ્કેલ નથી. જે માણસ શરીર, ધન અને બંધુઓથી પોતાના આત્માને ભિન્ન જુએ છે, તે માણસને શોકરૂપ શલ્ય ક્યાંથી દુઃખ આપે. આત્માથી દેહાદિ પદાર્થોનો અન્યત્વ રૂપ ભેદ સ્પષ્ટ પ્રતીત થાય છે. દેહાદિ પદાર્થો ઇન્દ્રિય ગ્રાહ્ય છે અને આત્મા અનુભવ ગોચર છે. જો આત્મા અને દેહાદિ પદાર્થોનું અન્યપણું છે તો શરીરને પ્રહારાદિ થતાં દુઃખ કેમ થાય છે? એ શંકા કરવા યોગ્ય નથી કારણકે જેઓને શરીરાદિમાં ભેદ બુદ્ધિ નથી, તેઓના દેહને

જીવને કર્મો યમને ઘેર લઇ જાય છે. મૂઢ બુદ્ધિવાળા લોકો પોતાના કર્મોથી મૃત્યુ પામતા સ્વજનોનો શોક કરે છે, પણ સ્વકર્મ વડે મૃત્યુ પામનાર પોતાના આત્માનો શોક કરતા નથી. પોતાની નજીક રહેલા મૃત્યુનો શોક નહિ કરતાં સ્વજનાદિકના મૃત્યુનો શોક કરવો, તે બુદ્ધિની મૂઢતા જ છે. દાવાગ્નિની ભડકતી જ્વાલાથી વિકરાળ દેખાતા વનમાં જેમ મૃગના બચ્ચાનું કોઈ શરણ નથી, તેમ દુઃખરૂપી દાવાગ્નિની બળતી જ્વાળાથી ભયંકર આ સંસારમાં પ્રાણીનું કોઈ શરણ નથી.

---

૩ સંસાર ભાવના.

આ સંસાર રુપી રંગભૂમિ ઉપર પ્રાણી નટની પેઠે કોઈ વખત [illegible] થાય છે, તો કોઈવાર [illegible] થાય છે, કોઈવાર [illegible] થાય છે, તો કોઈવાર નોકર થાય છે, કોઈવાર [illegible] થાય છે, તો કોઈવાર [illegible] થાય છે. એમ વિવિધ [illegible] [illegible]

પ્રહારાદિ થતાં આત્માને પીડા થાય છે, પરંતુ જેઓને દેહ-આત્માનું ભેદજ્ઞાન થયું છે. તેઓના દેહને પ્રહારાદિ થતાં આત્માને પીડા થતી નથી. નમિરાજર્ષિને આત્મા અને ધનનું ભેદજ્ઞાન થયું હતું, તેથી મિથિલા નગરી બળતી સાંભળીને તેને થયું કે મારૂં કાંઇ બળતું નથી. જે માણસને ભેદજ્ઞાન થયું છે તેને માતા-પિતા વિયોગનું દુઃખ આવી પડતાં દુઃખ થતું નથી અને જેને આત્મીયપણાનું અભિમાન છે તે દાસના દુઃખથી પણ મોહ પામે છે.

---

૬ અશુચિ ભાવના.

રસ, લોહી, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, વીર્ય, આંતરડાં, વિષ્ટા વિગેરે અપવિત્ર વસ્તુઓના સ્થાનરૂપ આ શરીર છે. તેથી પવિત્રતા કયાંથી હોય? આંખ, કાન, નાક, મુખ, અધોદ્વાર, અને જનનેન્દ્રિયરૂપી નવ દ્વારમાંથી વહેતા દુર્ગન્ધી રસના સતત આવવાથી મલિન રહેતા શરીરમાં પવિત્રપણાનું અભિમાન કરવું, એ મહામોહનું લક્ષણ છે.

---

૭ આશ્રવ ભાવના.

મન, વચન અને કાયાની પ્રવૃત્તિરૂપ મનોયોગ, વચનયોગ અને કાયયોગથી શુભાશુભ કર્મ આત્મામાં આશ્રવે છે. (પ્રવેશ કરે છે) તેથી તે યોગોને આશ્રવ કહે છે.

[illegible] ... જેમ કે, [illegible] ... પ્રમાદ, [illegible]-મિથ્યાત્વ [illegible], [illegible], આર્તધ્યાન અને રૌદ્રધ્યાન, એ બધાં અશુભ કર્મના હેતુઓ છે.

---

૮ સંવર ભાવના

ઉપર કહેલા બધા આશ્રવોને નિરોધ કરવાનો ઉપાય સંવર કહેવાય છે, તેના દ્રવ્યસંવર અને ભાવસંવર એમ બે ભેદ છે. કર્મ પુદ્ગલના આશ્રવદ્વારા થતા પ્રવેશને રોકવો તે દ્રવ્યસંવર અને સંસારના કારણભૂત ક્રિયાનો ત્યાગ તે ભાવસંવર. જે જે ઉપાયથી જે જે આશ્રવ [illegible]રોકાય, તે તે આશ્રવના નિરોધ માટે બુદ્ધિ[illegible] તે ઉપાય યોજવો.

જેમકે ક્ષમાથી ક્રોધને રોકવો, નમ્રતાથી માનને રોક
સરલતાથી માયાને રોકવી અને સંતોષથી લોભને રોક
બુદ્ધિમાન પુરૂષે ઇન્દ્રિયોના અસંયમથી પ્રબળ બનેલા [illegible]
જેવા વિષયોને ઇન્દ્રિયોના અખંડ સંયમથી રોકવા. સં
માટે પ્રયત્ન કરતા યોગીઓ ત્રણ ગુપ્તિથી મન-વચન-કાયા
વ્યાપારને રોકવા, અપ્રમાદથી પ્રમાદને રોકવો, બધી સદ
પ્રવૃત્તિના ત્યાગથી અવિરતિને રોકવી, સમ્યગ્દર્શન વ
મિથ્યાત્વને રોકવું, તથા શુભધ્યાનરૂપ ચિત્તની સ્થિરતા વ
આર્ત તથા રૌદ્રધ્યાનને રોકવાં.

રાજમાર્ગમાં રહેલ અનેકદ્વારવાળા ઘરનાં બારણાં ઉઘા
હોય તોજ તેમાં રજ દાખલ થાય છે અને દાખલ થઈ
ચીકાશના યોગે ત્યાં ચોંટી જાય છે, પરન્તુ બારી-બારણાં બં
કર્યાં હોય તો રજ પ્રવેશ થવા પામતી નથી અને ત્યાં ચોંટ
જતી પણ નથી. કોઇ સરોવરમાં પાણી આવવાના બધા માર્ગો
ઉઘાડા હોય તો તે દ્વારા પાણી આવે છે, પરંતુ તે બધ
માર્ગો બન્ધ કર્યા હોય તો થોડું પણ પાણી સરોવરમાં દાખલ થઇ
શકતું નથી. કોઇ વહાણની અંદર છિદ્રો હોય તો તે દ્વારા
તેમાં પાણી દાખલ થાય છે, પરંતુ તે છિદ્રો બન્ધ કર્યાં હોય
તો થોડું પણ પાણી વહાણની અંદર પ્રવેશ કરતું નથી. તેમ
મિથ્યાત્વાદિ આશ્રવદ્વારો ઉઘાડાં હોય તો જીવમાં કર્મ દાખલ
થાય છે, અને તે દ્વારો બન્ધ થાય તો અંદર [illegible]
[illegible] કર્મનો પ્રવેશ થતો નથી. સંવરથી આત્માનાં દ્વાર
બન્ધ થાય છે. તે સંવર ક્ષમા વિગેરે ભેદોથી અનેક પ્રકારનો

મિથ્યાત્વ ઉદયને રોકવાથી અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાને મિથ્યાત્વનો સંવર હોય છે, દેશવિરતિ આદિ ગુણસ્થાને અવિરતિનો સંવર હોય છે, અપ્રમત્ત સંયતાદિ ગુણસ્થાને પ્રમાદનો સંવર હોય છે, ઉપશાન્તમોહ અને ક્ષીણમોહાદિ ગુણસ્થાને કષાયનો સંવર હોય છે અને અયોગીકેવલી ગુણસ્થાને સંપૂર્ણ યોગનો સંવર હોય છે.

---

૯ નિર્જરા ભાવના.

સંસારના કારણભૂત કર્મને ખેરવી નાંખવાં તેને નિર્જરા કહે છે. તે સકામનિર્જરા અને અકામનિર્જરા, એમ બે પ્રકારની છે. સંયમી પુરૂષોને ઇરાદાપૂર્વક તપ વિગેરે ઉપાયદ્વારા કર્મનો ક્ષય કરવા રૂપ સકામનિર્જરા હોય છે અને અસંયમીને તે સિવાય વિપાકથી કર્મને ભોગવીને ક્ષય કરવા રૂપ અકામનિર્જરા હોય છે, કારણકે કર્મોનો પાક-નિર્જરા ફળના પાકની પેઠે ઉપાયોથી અને સ્વાભાવિક રીતે થાય છે. જેમ અશુધ્ધ સોનું પ્રજ્વલિત થયેલા અગ્નિ વડે શુધ્ધ થાય છે, તેવી રીતે તપરૂપ અગ્નિથી તપાવવામાં આવતો જીવ શુધ્ધ થાય છે. તે તપ (૭) બાહ્ય અને (૭) અભ્યંતર એ બે ભેદે બાર પ્રકારનો છે.

૧ અનશન–જીવનપર્યંત કે અમુક કાલપર્યંત આહારનો ત્યાગ કરવો.

[illegible]

[illegible]

શ્રી અમૃતવેલી નામક સ્વાધ્યાય.

([illegible])

ચેતન જ્ઞાન અજુવાળીએ,
ટાળીએ મોહ સંતાપ રે;
ચિત્ત ડમડોળતું વાળીએ,
પાળીએ સહજ ગુણ આપ રે. ચે૦ ૧

ઉપશમ અમૃત રસ પીજીએ,
કીજીએ સાધુ ગુણગાન રે;
અધમ વયણે નવિ ખીજીએ,
દીજીએ સજ્જનને માન રે, ચે૦ ૨

ક્રોધ અનુબંધ નવિ રાખીએ,
ભાખીએ વયણ મુખ સાચ રે;
સમક્તિ-રત્ન-રૂચિ જોડીએ,
છોડીએ કુમતિ મતિ કાચ રે. ચે૦ ૩

શુદ્ધ પરિણામને કારણે,
ચારના શરણ ધરે ચિત્ત રે;
પ્રથમ તિહાં શરણ અરિહંતનું,
જેહ જગદીશ જગમિત્ત રે. ચે૦ ૪

જે સમોસરણમાં રાજતા,
ભાંજતા ભવિક સંદેહ રે;
ર્ઈનાં વચન વરસે સદા,
પુષ્કરાવર્ત્ત જિમ મેહ રે. ચે૦ ૫

શરણ બીજું ભજે સિદ્ધનું,
જે કરે કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ્ય શિવનગરનું,
જ્ઞાન-આનંદ ભરપૂર રે. ચે૦ ૬

સાધુનું શરણ ત્રીજું ધરે,
જેહ સાધે શિવપંથ રે;
મૂલ ઉત્તર ગુણે જે વર્યા,
ભવ તર્યા ભાવ નિર્ગ્રંથ રે. ચે૦ ૭

શરણ ચોથું ધરે ધર્મનું,
જેહમાં વર દયાભાવ રે;
જેહ સુખહેતુ જિનવર કહ્યો,
પાપ જલ તારવા નાવ રે. ચે૦ ૮

ચારનાં શરણ એ પડિવજે,
વળી ભજે ભાવના શુદ્ધ રે;
દુરિત સવિ આપણા નિંદિયે,
જેમ હોયે સંવર વૃદ્ધિ રે. ચે૦ ૯

જ્ઞાન રૂચિ વેલ વિસ્તારતા,
વારતાં કર્મનું જોર રે. ચે૦ ૨૬.

રાગવિષ દોષ ઉતારતાં,
જારતાં દ્વેષ રસ શેષ રે;
પૂર્વ મુનિ વચન સંભારતાં,
વારતાં કર્મ નિઃશેષ રે. ચે૦ ૨૭

દેખીએ માર્ગ શિવનગરનો,
જે ઉદાસીન પરિણામ રે;
તેહ અણુછોડતાં ચાલિએ,
પામિયે જિમ પરમધામ રે. ચે૦ ૨૮

શ્રી નયવિજય ગુરૂ શિષ્યની,
શિખડી અમૃત-વેલ રે;
એહ જે ચતુર નર આદરે,
તે લહે સુજસ રંગરેલ રે. ચે૦ ૨૯



ચાર શરણાં.

---

(૧)

મુજને ચાર શરણાં હોજો,
અરિહંત સિદ્ધ સુસાધુજી;
કેવળી ધર્મ પ્રકાશીયો,
રત્ન અમૂલક લાધુંજી. મુ૦ ૧

ચિહું ગતિ તણાં દુઃખ છેદવા,
સમરથ શરણાં એહોજી;
પૂર્વે મુનિવર જે હુઆ,
તેણે કીધાં શરણાં તેહોજી. મુ૦ ૨

સંસાર માંહિ જીવને,
સમરથ શરણાં ચારોજી;
ગણિ **સમયસુંદર** ઇમ કહે,
કલ્યાણ મંગલકારોજી. મુ૦ ૩

---

(૨)

લાખ ચોરાશી જીવ ખમાવીએ,
મન ધરી પરમ વિવેકોજી;
મિચ્છામિ દુક્કડં દીજીએ,
જિન વચને લહીએ ટેકોજી. લા૦ ૧

ત લાખ ભૂદગ તેઉ વાઉના,
દશ ચૌદે વનના ભેદોજી;
 વિગલ સુર તિરિ નારકી,
ચઉ ચઉ ચૌદે નરના ભેદોજી. લા૦ ૨

મુજ વૈર નહિ કેહશું,
સહુશું મૈત્રી ભાવોજી;
ગણિ **સમયસુંદર** ઇમ કહે.
પામીયે પુન્ય પ્રભાવોજી. લા૦ ૩

---

(૩)

પાપ અઢારે જીવ પરિહરો,
અરિહંત સિધ્ધની સાખેજી;
આલોવ્યાં પાપ છૂટીએ,
ભગવંત ઇણી પેરે ભાખેજી. પા૦ ૧

આશ્રવ કષાય દોય બંધના,
વળી કલહ અભ્યાખ્યાનોજી;
રતિ અરતિ પૈશુન્ય નિંદના,
માયામોસ મિથ્યાતોજી. પા૦ ૨

મન વચ કાયાએ જે કિયાં,
મિચ્છામિ દુક્કડં તેહોજી;
ગણિ **સમયસુંદર** ઇમ કહે,
જૈન ધર્મનો મર્મ એહોજી. પા૦ ૩

કોણ કોણ જીવ તર્યા ઉપશમથી, સાંભળ તું દૃષ્ટાંતજી;
કોણ કોણ જીવ ભમ્યા ભવમાંહે, ક્રોધ તણે[1] વિરતંતજી. આ. ૩
સોમલ સસરે શીષ[2] પ્રજાળ્યો, બાંધી માટીની પાળજી;
ગજસુકુમાર ક્ષમા મન ધરતો, મુક્તિ ગયો તત્કાળજી. આ. ૪
કુળવાળુઓ સાધુ કહાતો, કીધો ક્રોધ અપારજી;
કોણિકની ગણિકા વશ પડીઓ, રડવડીઓ સંસારજી. આ. ૫
[3]સોવનકાર [4]કરી અતિ વેદન, [5]વ્યાધ્રશું વીંટયો શીપજી;
મેતાર્ય ઋષિ મુક્તિએ પહોંતો, ઉપશમ એહ[6] જગીશજી. આ. ૬
કુરડ મહાકુરડ બે સાધુ કહંતા, રહ્યા [7]કુણાલા ખાલજી;
ક્રોધ કરીને કુગતિએ પહોંતા, જન્મ ગમાયો આળજી. આ. ૭
કર્મ ખપાવી મુક્તિએ પહોતા, સ્કંધક સૂરિના શિષ્યજી,
પાલક પાપીએ ઘાણી પીલ્યા, નાણી મનમાં રીસજી. આ. ૮
[8]અંચુકારી નારી ચૂકી, તોડયો પીયુશું નેહજી;
બબ્બર કુલના દુઃખ સહ્યા બહોળા, ક્રોધતણા ફળ એહજી. આ. ૯
વાઘણે સર્વ શરીર વિલોવ્યું, તત્ક્ષણ છોડયા પ્રાણજી;
સાધુ સુકોશલ શિવસુખ પામ્યા, એહ ક્ષમાગુણ જાણજી. આ. ૧૦
કોણ ચંડાલ કહીજે બેઉમાં, [10]નિરતિ નહિ કહે દેવજી;
ઋષિ ચંડાલ કહીજે વઢતો, ટાળો [11]વેઢની ટેવજી. આ. ૧૧

---

૧. દૃત્તાંત–એટલે ને બાબતથી. ૨. બાળ્યો. ૩ સુવર્ણકાર–સોની. ૪ અતિ દુઃખ–વેદના પામી–પરિસહ સહન કરી. ૫. વાધ. ૬ જગીશ–જગતમાં પ્રધાન. ૭ કુણાલા નગરીની ખાળ. ૮. ફોગટ. ૯–૧૦. ક્રોધમાં આસક્તિ [illegible] ને સ્થિતિ. ૧૧. વેઢની–વઢવાની, વાંધા કાઢવાની

ચઢીઓ અતિ ક્રોધે, પ્રસન્નચંદ્ર ઋષિરાયજી;
રક તણાં દળ મેલ્યા, કડવા તેણે કષાયજી. આ. ૨૧
ડી. ક્રોધે ઋષિ શુંક્યો, આણ્યો અમૃત ભાવજી;
કેવલ પામ્યો, ક્ષમા તણો પ્રભાવજી આ. ૨૨
ને ઉપસર્ગ કીધો, કમઠ [17]ભવાંતર [18]ધીઠજી;
ર્યંચતણાં દુઃખ લીધાં, ક્રોધતણું ફળ દીઠજી; આ. ૨૩
દમદંત મુનીશ્વર, વનમાં રહ્યો કાયોત્સર્ગરે;
[19]કટકે હણ્યો એ ટાણે, તોડ્યા કર્મના વર્ગરે. આ. ૨૪
ાલક કાને [21]તરૂઓ, નાખ્યો ક્રોધ [22]ઉદીર;
ને ખીલા ઠોકાણા, નવી છૂટા મહાવીરજી. આ. ૨૫
હત્યાનો કારક હુતો, દઢપ્રહાર અતિરંકજી;
રીને મુક્તિએ પહોંતો, ઉપસર્ગ સહ્યા અનેકજી. આ. ૨૬
માંહે ઉપજતો હાર્યો, ક્રોધે કેવલનાણજી;
શ્રી દમસાર મુનીશ્વર, સૂત્ર ગણો ઉઠાણજી. આ. ૨૭
ગુફાવાસી ઋષિએ કીધો, સ્થુલિભદ્ર ઉપર ક્રોધજી;
ા વચને ગયો નેપાલે, કીધો સંજમ લોપજી. આ. ૨૮
ાવતંસક કાઉસ્સગ્ગ રહીઓ, ક્ષમાતણો ભંડારજી;
ી તેલ ભર્યો નિશિ દીવો, સુરપદવી લહે સારજી. આ. ૨૯

---

૭. બીજે ભવે. ૧૮. ઉચ્છૃંખલ ૧૯. લશ્કર-પરિવાર. ૨૦. સમુદ્ર.
૧. શાશું. ૨૨. ઉદીરણા. ૨૩. બ્રહ્મહત્યા. સ્ત્રીહત્યા, બાલહત્યા,
ૌહત્યા.

રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;
રી નાગણીકો નંહિ પરિચય, સો શિવ મંદિર દેખે. અવધુ૦ ૨
નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે;
તે જગમેં જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે. અવધુ૦ ૩
ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડ પરે નિત્ય, સુરગિરિ સમ શુચિધીરા. અવધુ૦ ૪
પંકજ નામ ધરાય પંકશું, રહત કમલ જિમ ન્યારા;
ચિદાનંદ ઇસ્યાજન ઉત્તમ, સો સાહિબકા પ્યારા. અવધુ૦ ૫

શ્રી નમસ્કાર મહામંત્રનો મહિમા.

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર;
એના મહિમાનો નહિ પાર, એનો અર્થ અનંત અપાર. ૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો સમરો દિવસ ને રાત;
જીવતાં સમરો, મરતાં સમરો સમરો સૌ સંસાર. ૨
યોગી સમરે ભોગી સમરે, સમરે રાજા રંક;
દેવો સમરે રાજા સમરે, સમરે સુખ નિશંક. ૩
અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો, અડસિદ્ધિ દાતાર; ૪
નવપદ એનાં નવનિધિ આપે, ભવોભવનાં દુઃખ કાપે;
ચંદ્ર વદનથી હૃદયે થાપે, પરમાતમ પદ આપે. ૫

શ્રી શત્રુંજય મહાતીર્થ મહિમા.

જગમાં સિદ્ધગિરિ છે સાર, એના ગુણગણનો નહિ પાર;
એતો ભવજલ તારણહાર, એ છે ભવિજનને આધાર.
॥ ૧ ॥ જગમાં સિદ્ધગિરિ છે સાર. જગમાં૦

કાંકરે કાંકરે સિદ્ધ અનંતા, પામ્યા શિવ પુર રાજ;
પણ જગમાં તીરથ નહિ એવું, બોલે સીમંધરરાજ.
॥ ૨ ॥ જગમાં૦

છ'રી પાળી જે અહિં આવે, સૂરજ કુંડમાં ન્હાય;
ઋષભદેવની પૂજા રચાવે, કરે કવડ સુર સ્હાય.
॥ ૩ ॥ જગમાં૦

ઘેર બેઠા પણ એ ગિરિ ધ્યાવો, ગાવો ગિરિગુણગ્રામ;
યાત્રા નવાણું કરો એકની, ઉત્કૃષ્ટે પરીણામ.
॥ ૪ ॥ જગમાં૦

નામ જપંતા પાતિક જાવે, સેવે શિવસુખ થાય;
ભદ્રંકર ગુરૂ આણાએ રહી, પરમ શાન્તિ પમાય.
॥ ૫ ॥ જગમાં૦

પ્રતિક્રમણ કર્યા પછી બોલવાના દુહા.

અરિહંત અરિહંત સમરતાં, લહીયે મુક્તિનું ધામ;
જે નર અરિહંત સમરશે, તેનાં સરશે કામ. ૧

સુતા-બેસતાં ઉઠતાં, જે સમરે અરિહંત;
દુઃખીયાનાં દુઃખ ભાંગશે, લહેશે સુખ અનંત. ૨

આશા કરો અરિહંતની, બીજી આશા નિરાશ;
જેમ જગમાં સુખીયા થયા, પામ્યા લીલ વિલાસ. ૩


ચેતન તેં એસી કરી, એસી ન કરે કોય
વિષયારસને કારણે, સર્વસ્વ બેઠો ખોઇ

જો ચેતાય તો ચેતજે, જો બુઝાય તો બુઝ
ખાનાર સૌ ખાઇ જશે, માથે પડશે તુજ

મુનિવર ચૌદ હજારમાં, શ્રેણિક સભા મોઝાર
વીર જિણંદ વખાણીયો, ધન ધન્નો અણગાર

રાત્રિ ગમાઇ સોવતે, દિવસ ગમાયા ખાર
હીરા જેસા મનુષ્ય ભવ, કવડી બદલે જાર

જિનપૂજા જસ ઘર નહિ, નહિ પાત્રે જ્યાં દાન
તે કેમ પામે બાપડા, વિદ્યા રૂપ નિદાન



—મંગલ-ભાવના—

(૧)

शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवन्तु भूतगणाः
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः ।१

અર્થ:-સર્વ જગતનું કલ્યાણ થાઓ, પ્રાણી સમુદાય પારકાનું હિત કરવામાં તત્પર થાઓ, વ્યાધિ દુઃખ વિગેરે વિશેષે નાશ પામો, અને લોક સર્વ ઠેકાણે (સર્વ કાર્યમાં) સુખી થાઓ.

(२)

सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारणम् ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥

અર્થ:-સર્વ મંગળોમાં માંગળિક, સર્વ [illegible] કારણ, સર્વ ધર્મમાં મુખ્ય એવું જૈન [illegible] જયવંતુ વર્તે છે.